dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 154 | AD - 2025, Fagan Sud - 10 | Sunday, Dt.09-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ છું કારણ કે મારા જીવનના ખાતામાં કરોડો માતાઓ અને બહેનોના આશીર્વાદ

# દરેક ક્ષેત્રમાં મહિલાઓનો ધ્વજ ઉંચો લહેરાતો રહ્યો છે : વડાપ્રધાન

નવસારી, તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા દિવસ નિમિત્તે ગુજરાતના નવસારી પહોંચ્યા હતા. અહીં તેમણે મહિલાઓને સંબોધિત કરતા કહ્યું હતું કે "આજનો દિવસ મહિલાઓ પાસેથી પ્રેરણા લેવાનો અને કંઈક શીખવાનો છે. આ દિવસે, હું ગર્વથી કહી શકું છું કે હું વિશ્વનો સૌથી ધનિક વ્યક્તિ છું કારણ કે મારા જીવનના ખાતામાં કરોડો માતાઓ અને બહેનોના આશીર્વાદ છે, જે સતત વધી રહ્યા છે."પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું, "આપણા શાસ્ત્રોમાં મહિલાઓને નારાયણી કહેવામાં આવી છે. મહિલાઓનું સન્માન એ સમાજ અને દેશના વિકાસ તરફનું પ્રથમ પગલું છે. તેથી, ભારતને વિકસિત બનાવવા માટે, ભારતના ઝડપી વિકાસ માટે, આજે ભારત મહિલા વિકાસના માર્ગ પર આગળ વધ્યું છે." નરેન્દ્ર મોદીએ કહ્યું, "૨૦૧૪ થી, લગભગ ૩ કરોડ મહિલાઓ ગૃહિણી બની છે. આજે, સમગ્ર વિશ્વમાં જળ જીવન મિશનની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. જળ જીવન મિશન દ્વારા, આજે દેશના દરેક ગામ સુધી પાણી પહોંચી રહ્યું છે." વધુમાં મોદીએ કહ્યું કે, "અમારી સરકાર મહિલાઓના જીવનમાં સન્માન અને સુવિધા બંનેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. અમે કરોડો મહિલાઓ માટે શૌચાલય



બનાવીને તેમનું સન્માન વધાર્યું છે." પીએમ મોદીએ કહ્યું, "અમે કરોડો મહિલાઓના બેંક ખાતા ખોલ્યા અને તેમને બેંકિંગ સિસ્ટમ સાથે જોડ્યા, ઉજ્જવલા સિલિન્ડર પૂરા પાડ્યા અને તેમને ધુમાડાની સમસ્યાથી બચાવ્યા. ટ્રિપલ તલાક સામે કડક કાયદો બનાવીને, અમારી સરકારે લાખો મુસ્લિમ બહેનોના જીવન બરબાદ થતા બચાવ્યા. જ્યારે કાશ્મીરમાં કલમ ૩૭૦ લાગુ થઈ, ત્યારે ત્યાંની બહેનો અને દીકરીઓ ઘણા અધિકારોથી વંચિત રહી ગઈ. જો તેઓ રાજ્યની બહાર કોઈ સાથે લગ્ન કરે, તો તેમનો પૈતૃક સંપત્તિ મેળવવાનો અધિકાર છીનવાઈ ગયો." તેમણે વધુમાં કહ્યું કે કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, જમ્મુ અને કાશ્મીરમાં મહિલાઓને પણ તે બધા અધિકારો મળ્યા છે જે ભારતની દીકરીઓ અને બહેનોને મળે છે. નરેન્દ્ર મોદીએ કહ્યું, "રાજકીય ક્ષેત્ર હોય કે રમતગમત ક્ષેત્ર, ન્યાયતંત્ર હોય કે પોલીસ, દેશના દરેક ક્ષેત્રમાં મહિલાઓનો ધ્વજ ઉંચો લહેરાતો રહ્યો છે. ૨૦૧૪ પછી જ કેન્દ્ર સરકારમાં સૌથી વધુ મહિલા મંત્રીઓની નિમણૂક કરવામાં આવી હતી. સંસદમાં પણ મહિલાઓની હાજરીમાં મોટો વધારો થયો છે. ૧૮મી લોકસભામાં, ૭૪ મહિલા સાંસદો લોકસભાનો ભાગ છે. ન્યાયતંત્રમાં મહિલાઓની ભાગીદારી એટલી જ વધી છે." તેમણે કહ્યું કે, "ઘણા રાજ્યોમાં, સિવિલ જજ તરીકે નવી ભરતીઓમાં આપણી પચાસ ટકા કે તેથી વધુ દીકરીઓની પસંદગી કરવામાં આવી છે."

# રાજસ્થાન વિધાનસભામાં ભાજપના ધારાસભ્યે 'પાકિસ્તાન પાકિસ્તાન'ના નારા લગાવ્યા

જયપુર, તા.૦૮

એક વર્ષ પહેલા વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હતી. ત્યારબાદ એક ચૂંટણી સભામાં પાકિસ્તાન ઝિંદાબાદના નારા લાગ્યા હતા. તે સમયે, જ્યારે આ મુદ્દા પર હોબાળો થયો હતો, ત્યારે ભૂતપૂર્વ મંત્રી રાજેન્દ્ર ગુઢાએ કહ્યું હતું કે બંધારણમાં ક્યાં લખ્યું છે કે આપણે 'પાકિસ્તાન અમર રહે'



કહી શકીએ નહીં. હવે રાજસ્થાન વિધાનસભામાં પણ પાકિસ્તાન પાકિસ્તાનના નારા લાગ્યા છે. જયપુરના સિવિલ લાઈન્સ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય ગોપાલ શર્માએ ગૃહમાં પાકિસ્તાન પાકિસ્તાનના નારા લગાવ્યા, જેના પછી ગૃહમાં ભારે હોબાળો થયો. વિપક્ષના નેતા ટીકારામ જુલીએ સ્પીકર અને મુખ્યમંત્રી પાસે ધારાસભ્ય ગોપાલ શર્મા વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે.

# યુક્રેન યુદ્ધમાં શાંતિ વાટાઘાટો માટે રશિયા કડક શરતો સાથે સંમત

ક્રેમલિન, તા.૦૮

રશિયાના રાષ્ટ્રપતિ પુતિન પણ રશિયા-યુક્રેન સંઘર્ષ મુદ્દા પર શાંતિ વાટાઘાટો કરવા માટે સંમત થયા છે, પરંતુ ક્રેમલિન ઘણી શરતો સાથે આ વાટાઘાટો માટે સંમત થયું છે. રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે જણાવ્યું હતું કે, સ્થાયી શાંતિ પુનઃસ્થાપિત કરવાના અનેક પ્રયાસો વચ્ચે મોસ્કો વાટાઘાટો માટે "ત્રિપક્ષીય બેઠક" યોજવા તૈયાર છે. તેમણે કહ્યું કે વર્તમાન યુએસ વહીવટ, તેના પુરોગામીની તુલનામાં, સંઘર્ષને રોકવા માટે "યોગ્ય સંકેતો" બતાવી રહ્યો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સંઘર્ષનો અંત લાવવાના તેમના ઈરાદાની જાહેરાત અંગે પૂછવામાં આવતા, રાજદૂતે રશિયાના દૃષ્ટિકોણથી પરિસ્થિતિની વ્યાપક રૂપરેખા આપવાનો પ્રયાસ કર્યો હતો. રશિયા-યુક્રેન યુદ્ધ ફેબ્રુઆરી ૨૦૨૨ માં શરૂ થયું હતું અને સંઘર્ષને ઉકેલવા અને કાયમી શાંતિ પ્રાપ્ત કરવા માટે વિવિધ ક્ષેત્રો તરફથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અલીપોવે કહ્યું કે તેઓ યુરોપના પુનઃ લશ્કરીકરણ વિશે વાત કરી રહ્યા હતા અને તાજેતરમાં એક બેઠક પણ થઈ હતી.












# રાજુલાનાં રામપરા ગામમાં સિંહોનાં ટોળાએ એક વાછરડાનો શિકાર કર્યો

રાજુલા, તા.૦૮

રાજુલા પંથકમાં અવારનવાર વન્યપ્રાણીઓનો આતંક જોવા મળે છે. ત્યારે રાજુલાનાં રામપરા ગામમાં સિંહોનું ટોળું ધસી આવતા એક વાછરડાનો શિકાર કર્યો હતો. આ ઘટનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. રાજુલાનાં રામપરા ગામે છ કરતાં વધુ સિંહોનું ટોળું



શેરીઓમાં ફરતું જોવા મળ્યું હતું. સિંહોનું ટોળું જોઈને પશુઓમાં નાસભાગ મચી ગઈ હતી. સિંહે એક નાના વાછરડાનું મારણ કરેલ હતું. જયારે અન્ય પશુઓ જીવ બચાવીને ભાગી ગયા હતા. વન્યપ્રાણીઓ છેલ્લા ૧૫ દિવસથી રોજ એકથી બે પશુઓનો શિકાર કરી રહ્યા છે. સિંહોના આતંકથી રાત્રે લોકોને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ગામના સરપંચના જણાવ્યા મુજબ ગામની સુરક્ષા માટે રાખવામાં આવેલા ત્રણ કર્મચારીઓને પણ છુટા કરી દેવામાં આવ્યાં છે. સ્થાનિક સરપંચે DCF, કલેક્ટર અને વનમંત્રી મુળુભાઈ બેરા સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. પરંતુ હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આ કારણે વન વિભાગના અધિકારીઓ સામે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ચિતલ ગામેથી અમરેલી એસઓજી ટીમે ગાંજો ઝડપ્યો

**બાબરા પોલીસે રૂા.૫૪,૧૯૦ નો મુદ્દામાલ ઝપ્ત કર્યો**

અમરેલી, તા.૦૮

અમરેલીના ચિતલ ગામેથી એસઓજી ટીમે ગાંજો ઝડપ્યો હતો. ધવલભાઈ રમેશભાઈ બથવાર (ઉ.વ.૨૨) તથા



ગૌતમ ઉર્ફે નવાબ લક્ષ્મણભાઈ દાફડા પાસેથી નશાકારક માદક પદાર્થ ૪ કિલો ૪૧૯ ગ્રામ સુકો ગાંજો પકડાયો હતો. જેની કિં. રૂા.૪૪,૧૯૦ થાય છે. તેમણે સુકા ગાંજાનો જથ્થો ઓડીશા ખાતેથી દીવાકરભાઈ પાસેથી ખરીદ્યો હતો. તેમની પાસેથી કુલ કિં.રૂા.૫૪,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ભાઈ સાથે બોલાચાલી બાદ ભાઈને લાગી આવતા એસિડ પીધું

**પેટના ભાગે છરીના ઘા પણ માર્યા**

બગસરા, તા.૦૮

બગસરામાં એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. એક ભાઈને તેના ભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જે બાદ લાગી આવતાં એસિડ પીધું હતું અને પેટના ભાગે છરીના ઘા પણ માર્યા હતા. બોઘાભાઈ માધાભાઈ સોલંકી (ઉ.વ.૭૧)એ જાહેર કર્યા મુજબ, તેમના દીકરા કિશોરભાઈ બોઘાભાઈ સોલંકીને તેના નાના ભાઈ અનીલભાઈ સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી. તે બાબતનું મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે એસિડ પી લીધું હતું તથા પોતાના પેટના ભાગે છરી મારી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકામાં અંતરિયાળ ગામોના ત્રણ રસ્તાનું કામ પૂર્ણ થયું

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો સ્થાનિક આગેવાનોએ આભાર માન્યો**

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદ તાલુકાના અંતરિયાળ ગામોમાં વર્ષોથી લોકોની માંગણીઓ હતી કે, નોન પ્લાન રસ્તાઓ સરકાર મંજૂર



કરે તો આ ગામોના લોકોને ખૂબ મોટો ફાયદો થાય. લોકોની આ માંગણીને ધ્યાને રાખી રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ સરકારમાં રજૂઆત કરીને પાટી માણસાથી જામકા રોડ, મોટા માણસાથી છેલણા રોડ અને એભલવડથી મોટા માણસા રોડ કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર કરાવતા હાલ આ ત્રણે ત્રણ રસ્તાનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આથી આ પંથકના લોકોએ રાજ્ય સરકાર અને રાજુલા જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો અને સ્થાનિક ભાજપના આગેવાનોનો આભાર માન્યો છે. તેમ જાફરાબાદ તાલુકા ભાજપના પ્રમુખ કુલદીપભાઈ વરૂની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીમાં સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનો સત્સંગ સમારોહ યોજાયો

અમરેલી, તા.૦૮

અમરેલીમાં વિશ્વાસ આઈકોન, ચક્કરગઢ રોડ, બાયપાસ પાસે સત્સંગ સમારોહનું આયોજન કરાયું હતું. શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે બ.પૂ.પા. સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજના શિષ્ય પૂ. સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનો સત્સંગ સમારોહ યોજાયો હતો, જેમાં વિશાળ



સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂ. ભોલાનંદ સરસ્વતીજી મહારાજે કહ્યું હતું કે, શિવપૂજાથી મન શુદ્ધ થાય છે અને વ્યક્તિ પાપમાંથી મુક્તિ મેળવે છે.

# સાવરકુંડલાની કમા બાપા દોશી વાડી ખાતે વિનામૂલ્યે દંત ચિકિત્સા કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલાના કમા બાપા દોશી વાડી દેરાસર શેરી ખાતે શુક્રવારે (૭ માર્ચ ૨૦૨૫) સવારે ૯:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી ધીરજ ગુરુદેવની પ્રેરણાથી સ્થાનકવાસી જૈન સંઘ સાવરકુંડલા અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ



તસવીર : સૌરભ દોશી

રાજકોટ દ્વારા વિનામૂલ્યે દંત ચિકિત્સા અને દાંતની બત્રીસીનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૭૧ દર્દીઓએ લાભ લીધો હતો, જેમાં ૨૮ દર્દીઓને વિનામૂલ્યે દાંતની બત્રીસી આપવામાં આવી હતી. કેમ્પમાં સાવરકુંડલાના મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને કેમ્પને સફળ બનાવ્યો હતો. કેમ્પમાં દર્દીઓને દાંતની સ્વચ્છતા અને જાળવણી વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

# અમરેલીમાં જન ઔષધિ દિવસની ઉજવણી

અમરેલી, તા.૦૮

અમરેલીમાં સિવિલ હોસ્પિટલની બાજુમાં રેડક્રોસ સંચાલિત જન ઔષધિ મેડિકલ સ્ટોર ખાતે ૭ માર્ચના રોજ જન ઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જોશી, જિલ્લા આરસીએચઓ ઓફિસર ડો.સિંઘ, વહીવટી



અધિકારી મુંજપરા તથા આરોગ્ય શાખાનો તમામ સ્ટાફ અને જન ઔષધિ મેડિકલમાંથી દવા મેળવતા લાભાર્થીઓની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. લોકો બહોળી સંખ્યામાં આ જેનરિક દવાનો ઉપયોગ કરે તે અંગે લોકજાગૃતિ માટે આ કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ધર્મેશભાઈ ભાલાળા તથા દર્શનાબેન, ફાર્માસિસ્ટ મનીષભાઈ ડોડીયા, અનવરભાઈ, હિતેશભાઈ, રામભાઈ તેમજ આરોગ્ય શાખાનાં તમામ સ્ટાફના સહયોગથી આ આયોજન કરવામાં આવેલ.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેકટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
Rs.78000/- સબસિડી
ઈલેકટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેકટ્રીક બાઈક તુનવાન યો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

# અમરેલી જિલ્લાના ૪ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની બદલી

**રાજ્યમાં ૨૬ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની બદલી કરાઈ**

અમરેલી, તા.૮

ગુજરાતમાં છેલ્લા થોડા દિવસથી બઢતી-બદલીનો દૌર ચાલી રહ્યો છે. જે અંતર્ગત રાજ્યમાં ૨૬ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની બદલી કરવામાં આવી હતી. જેમાં અમરેલી જિલ્લામાં ફરજ બજાવતાં ચારની પણ બદલી થઈ હતી.

હિનાબેન વસંતભાઈ ચાંવની રાજુલાથી બગસરા, એસ.પી. ડાંગરની સાવરકુંડલાથી રાજકોટ, અજયકુમાર જોષીની લાઠીથી શિહોર અને અતુલભાઈ હરિભાઈ મકવાણાની લીલીયાથી તળાજા ખાતે બદલી કરવામાં આવી હતી.

# સાવરકુંડલાની ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં રંગોળી અને કલેક્શન સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૦૮

સાવરકુંડલામાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ૫ માર્ચના રોજ યોજાયેલી રંગોળી તથા કલેક્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં રંગોળી સ્પર્ધામાં ૨૨ અને કલેક્શન સ્પર્ધામાં ૧૩ બહેનોએ ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબર મેવાડા મૈત્રી એમ., દ્વિતીય નંબર ચૌહાણ જીજ્ઞા બી., તૃતીય નંબરનું સ્થાન દાફડા ધર્મિષ્ઠા ડી. અને પથ્થર નંદના એમ.ને મળ્યું હતું. કલેક્શન



સ્પર્ધામાં પ્રથમ નંબરે ગાંધી ધ્રુવી પી., દ્વિતીય નંબર પર પથ્થર દિશા અને તૃતીય નંબર પર રાઠોડ દિપાલી કે. પસંદ થયા હતા. કોલેજના આચાર્ય ડી.એલ. ચાવડાએ ભાગ લેનાર તમામને અભિનંદન પાઠવ્યા હતાં.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★
હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
Destini 125
રહો બે કદમ આગળ
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી એલ.સી.બી. ટીમે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૯૭૩ બોટલ ઝડપી



અમરેલી, તા. ૦૮

એલ.સી.બી. ટીમ ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક મહિન્દ્રા બોલેરો ફોરવ્હીલમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી ચલાલાથી ખાંભા તરફ જાય છે, જે બાતમી આધારે એલ.સી.બી. ટીમ વોચમાં હોય તે દરમિયાન હકિકત વાળી બોલેરો આવતા જેને રોકવા પ્રયાસ કરતા બોલેરોનો ચાલક પોતાની ગાડી લઈ ફરાર થઈ ગયેલ હોય જેનો પીછો કરતા મજકુર બોલેરોનો ચાલક મોટી ગરમલી ગામે પ્રાથમિક શાળાની બાજુમાં આવેલ અવેડાના પીલર સાથે પોતાની બોલેરો ગાડી ભટકાવી બોલેરો મૂકી નાસી ગયો હતો. જે બોલેરો ગાડીમાં જોતા તાડપત્રીની આડશમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૧૯૭૩ બોટલ, તાડપત્રી, પીકઅપ મળી કુલ રૂ.૭,૧૪,૯૦૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

**નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ લોકસુવિધા માટે ગ્રાન્ટ ફાળવી**

# વડીયાના બરવાળા બાવળ ગામે આરસીસી રોડનું ખાતમુહૂર્ત કરાયું



વાડિયા, તા.૦૮

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના બરવાળા બાવળ ગામે આરસીસી રોડનું ખાતમુહૂર્ત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ કર્યું હતું. આ રોડ માટે તેમણે પોતાની ગ્રાન્ટમાંથી ૨.૫૦ લાખ રૂપિયા ફાળવ્યા હતા. સ્થાનિક લોકોએ ચોમાસામાં રસ્તાની હાલાકી અંગે કૌશિકભાઈ વેકરીયાને રજૂઆત કરી હતી. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરષોત્તમ હિરપરા, તાલુકા ભાજપ પ્રમુખ શૈલેષ ઠુમ્મર, તાલુકા પંચાયત સદસ્ય મનોજ હપાણી, સરપંચ પરેશ ધડુક, સ્થાનિક આગેવાન લક્ષ્મણ ભુવા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકચ ગામે દાઉજી હવેલીમાં ફૂલ ફાગ હોળી રસિયાની ઉજવણી થઈ



કાંકચ, તા.૦૮

કાંકચ ગામે તા.૬/૩/૨૦૨૫ના રોજ શ્રી દાઉજી હવેલીમાં ફૂલ ફાગ હોળી ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયો હતો. આ અનેરા ઉત્સવમાં વ્રજમાંથી કલાકારો પધાર્યા હતા. જેમાં રાધા, કૃષ્ણનું પાત્ર ભજવ્યું હતું અને લોકોને આનંદ કરાવ્યો હતો.

# ‘તું અને તારા માતા-પિતા ગામડીયા તથા અભણ છો’ કહી પતિએ પત્નીને મેણાં માર્યા

**ચલાલાના ગરમલી ચરખા ગામના સાસરિયા સામે ફરિયાદ**

ચલાલા, તા.૦૮

પતિએ પત્નીને “તું અને તારા માતા-પિતા ગામડીયા તથા અભણ છો” તેમ કહી મેણા માર્યા હતા. ઉપરાંત લગ્ન સમયે આપવામાં આવેલું સ્ત્રીધન ઓળવી ગયા હતા. બનાવ અંગે ઝેલમબેન ભુપતભાઈ માંજરીયા (ઉ.વ.૨૬)એ ગરમલી ચરખા ગામના પતિ નીલરાજસિંહ શાંતુભાઈ ખાચર, સસરા શાંતુભાઈ ભાણભાઈ ખાચર તથા સાસુ નંદકુવરબેન શાંતુભાઈ ખાચર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન નીલરાજસિંહ ખાચર સાથે તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ ચરખા (ગરમલી) ગામે થયા હતા. ત્યારથી તા.૧૦/૦૨/૨૦૨૫ સુધી રાજકોટ મુકામે આરોપીએ તેની સાથે કામવાળી બાઈ જેવુ વર્તન કરીને, નાની-નાની વાતમાં માથાકૂટ કરીને માર મારતા હતા. ઉપરાંત તું અને તારા માતા-પિતા ગામડીયા છો અને અભણ છો એવા મેણાટોણા મારી, માનસિક-શારીરિક દુઃખ ત્રાસ આપી, ગાળો આપી, તું પોલીસ કેસ કરીશ તો ડરવાના નથી તેવી ગર્ભિત ધમકી આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપીને કરિયાવરમાં આપેલ તમામ સ્ત્રીધન ઓળવી ગયા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી એલ.સી.બી. ટીમે પેટ્રોલિંગ દરમિયાન ૫ વાહનો ડીટેઈન કર્યા



અમરેલી, તા.૦૮

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતે અમરેલી જિલ્લામાં ખાણ ખનીજની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરતા વાહન ચાલકો વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપ્યું હતું. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પીઆઈ વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર રીતે ચાલતા ૦૧ ડમ્પર, ૨ - ટ્રેકટર, ૨ - લોડર મળી કુલ ૫ વાહનોને ટ્રાફિકના જુદા જુદા નિયમો હેઠળ ડીટેઈન કર્યા હતા.

# ‘તમે ઉના આવો એટલે ગાડી આપી દઈશું’ કહેતા ગાળો બોલી ધમકી આપી

**કોલર પકડીને પેટમાં પાટુ પણ માર્યું**

રાજુલા, તા.૦૮

ઉનામાં રહેતા સકીલભાઈ ઉમરભાઈ બ્લોચ (ઉ.વ.૨૮) એ જયદીપભાઈ દરબાર, પ્રદીપભાઈ દરબાર બન્ને રહે.ભચાદર તથા રવિરાજભાઈ દરબાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના કાકાના દીકરાની ફોરવ્હીલ ઓડી ગાડી રજી. નં.GJ ૦૩ HA ૯૭૪૫ ની લઈને પોતાના દાદા મહમદભાઈને મહુવા દવાખાને સારવાર કરાવીને પરત આવતા હતા. તે દરમિયાન આશરે બપોરના પોણા ત્રણેક વાગ્યે રાજુલા રેલવે ફાટકના પુલ પછી હિંડોરણા ચોકડી તરફ પહોંચતા એક અલ્ટો કાર લઈને ત્યાં ઉભેલા ત્રણેય આરોપીઓએ કહેલ કે, ‘આ ગાડીના હપ્તા ચડી ગયા છે અને તમારી ગાડી ફીઝ કરવાની છે’ તેમ કહેતા તેણે જણાવ્યું કે, ‘મારા દાદા બીમાર અને વૃદ્ધ છે અને દવાખાનેથી લઈને ઘરે જઈએ છીએ. તમે ઉના આવો તમને ગાડી આપી દઈશું’ તેમ કહેતા આરોપીને સારૂ નહી લાગતા જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેનો કોલર પકડી પેટમાં પાટુ મારીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાંધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના મેરીયાણા ગામે વિશ્વ મહિલા દિનની ઉજવણી



સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગ્રામ પંચાયત કચેરી ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તલાટી-મંત્રી, સરપંચ હિતેશભાઈ, ગામની મહિલાઓ અને આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમને મહિલા સશક્તિકરણ વિશે માહિતગાર કર્યા હતા એમ અનિરુદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ.અરસીભાઈ અરજણભાઈ બારડ (નિવૃત તાલુકા પંચાયત સર્કલ ઇન્સ્પેક્ટર) (ઉ.વ. ૯૦)નું તા.૦૭ના રોજ અવસાન થયું છે. તે કરશનભાઈ (અંબુજા સિમેન્ટ), કાદુભાઈના પિતા અને રિતેશભાઈ, પિન્ટુભાઈના દાદા થાય છે.

**રાજકોટ**

સ્વ.વિનોદિનીબેન દિનેશકુમાર ભટ્ટ (ઉં.વ. ૮૧)નું તા.૦૭ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તે ચૈતન્યભાઈ ભટ્ટ તથા સુધાબેન ભટ્ટના માતા થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૦-૦૩-૨૦૨૫, સોમવારે સાંજે ૪:૩૦થી ૬:૩૦ સુધી તેમના નિવાસ સ્થાન “શિવ શક્તિ”, ૩, જંક્શન પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

**કોડીનાર**

સ્વ. અશોકકુમાર દ્વારકાદાસભાઈ ગંગદેવ (રાજ પેટ્રોલિયમ) (ડિરેક્ટર નાગરિક સહકારી બેન્ક કોડીનાર, પૂર્વ પ્રમુખશ્રી શ્રી લોહાણા મહાજન કોડીનાર) (ઉ.૫૯)નું તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે નીતિનભાઈ તથા પ્રકાશભાઈના મોટાભાઈ, ઉમાબેન દેવેન્દ્રકુમાર રાયઠઠા(વેરાવળ), દક્ષાબેન અતુલકુમાર ગણાત્રા (જૂનાગઢ), નીતાબેન જનકકુમાર ખંઢેડીયા(અમદાવાદ), અનિલાબેન કૌશિકકુમાર સેદાણી (બગસરા), ભારતીબેન પિયુષકુમાર કોટક(રાજકોટ)ના ભાઇ તથા રાજ (પાર્થ) અને ભક્તિબેન જયકુમાર રૂપારેલિયા(રાજકોટ)ના પિતાશ્રી તેમજ મીરાબેન મિતકુમાર વિઠલાણી (કોડીનાર), રાજન, શ્યામલ અને નંદીનીના મોટા પપ્પા થાય અને સ્વ.દુર્લભભાઈ વીરચંદભાઈ (કક્કડ)રાજકોટના જમાઈ તેમજ હિતેષભાઇ, દીપેનભાઈ અને સ્વ. સંદીપભાઈના બનેવી થાય છે. તેમનું સદ્ગતનું ઉઠમણું અને પ્રાર્થનાસભા તા. ૧૦-૦૩-૨૫ના રોજ સાંજે ૪થી ૬ સુધી શ્રી જંગલેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

**ગારીયાધાર**

ગારીયાધાર નિવાસી ગં.સ્વ. જયાબેન ગુણવંતભાઈ (ગોવિંદભાઈ) સૂચકનું તા.૦૩/૩/૨૦૨૫ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે લી.ડોક્ટર હર્ષદભાઈ ગોવિંદભાઈ સૂચક (મો.૯૪૨૭૭૪૫૦૬૬), અનિલભાઈ ગોવિંદભાઈ સુચક, બકુલભાઈ ગોવિંદભાઈ સૂચક, કલ્પેશભાઈ ગોવિંદભાઈ સૂચકના પુત્ર થાય છે. તેમનું દશા એકાદશા શ્રાદ્ધ તા.૧૩/૦૩/૨૦૨૫ને ગુરુવારે અને ઉત્તર ક્રિયા તા.૧૪/૦૩/૨૦૨૫ને શુક્રવારના રોજ ગારીયાધાર મુકામે અમારા નિવાસસ્થાને (ગંગાનગર રૂપાવટી રોડ) રાખેલ છે.

**અમરેલી**

ગં.સ્વ.રમાબેન શાંતિલાલ પંડયા (ઉ.વ.૮૨)નું તા.૦૮/૦૩/૨૦૨૫ ને શનિવારના રોજ કૈલાશવાસ થયેલ છે. તેમનું સદગતનું બેસણુ તા.૧૦/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૧૦થી ૦૬ કલાકે તેમના નિવાસ સ્થાને માણેકપરા મેઈન રોડ, સત્યનારાયણ મંદિરની બાજુમાં અમરેલી ખાતે રાખેલ છે.


**શૈક્ષણિક સંસ્થામાં સ્ટાફ જોઈએ છે**

**ટીચીંગ સ્ટાફ : ગુજરાતી માધ્યમ /અંગ્રેજી માધ્યમ / મિશ્ર માધ્યમ**

★ પ્રાથમિક શાળા : P.T.C./ B.A. B.Ed./ PGDCA તમામ વિષય માટે
★ માધ્યમિક શાળા : B.A./ M.A. B.Ed./ PGDCA તમામ વિષય માટે
★ ઉ.મા. સામાન્ય પ્રવાહ: B.A.,M.A. B.Ed. / M.ed. તમામ વિષય માટે
★ ઉ.મા. વિજ્ઞાન પ્રવાહ: B.Sc./ M.Sc. B.Ed./ M.ed તમામ વિષય માટે

**નોન ટીચીંગ સ્ટાફ :**

★ રીસેપ્સનીસ્ટ : B.B.A. / M.B.A. ★ કમ્પ્યુટર લેબ આસીટન્ટ : PGDCA/BCA
★ કમ્પ્યુટર ઓપરેટર / ઓફિસ વર્ક : Graduate બેઝીક કમ્પ્યુટર નોલેઝ જરૂરી છે. ★ ગૃહપતિ : હોસ્ટેલ વિદ્યાર્થીઓની કાળજી લઈ શકે તેવા ઉત્સાહી ભાઈઓ
★ ગૃહમાતા : હોસ્ટેલ વિદ્યાર્થીનીઓની કાળજી લઈ શકે તેવા બહેનો
★ ભોજનાલયમાં કામગીરી કરી શકે તેવા બહેનો
★ પટાવાળા / સફાઈ કામદાર
★ સીવીલ એન્જિનીયર : કેમ્પસમાં બાંધકામ, મેઈન્ટેનન્સ કરી શકે તેવા અનુભવી.

● આકર્ષક પગાર ધોરણ ● ઈ.પી.એફ.ફંડ સુવિધા ● રહેવા-જમવાની સુવિધા
● ફ્રેશર પણ એપ્લાય કરી શકશે, અનુભવી ઉમેદવારને અગ્રતા મળશે.

**ઉપરોક્ત અરજી શાળાએ રૂબરૂ અથવા ઈમેઈલ અથવા વોટસએપ મારફત PDF મોકલવી :**
**vidyasabhaofficial@gmail.com / 909- 909- 8220**

**શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ**
ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા - સ્કૂલ વિભાગ, લાઠી રોડ, અમરેલી.
J-036
ફોન નં.-૯૦૯-૯૦૯-૮૨૨૦
www.vidyasabha.com


**નામ બદલાવેલ છે**

આથી સોગદપૂર્વક જણાવું છું કે, મારૂ જૂનું નામ **રશ્મિકાંત નવનીતરાય ગઢીયા** હતું, જે તેમાંથી બદલાવી નવું નામ **રશ્મિન નવનીતરાય ગઢીયા** રાખેલ છે. હવેથી **રશ્મિન નવનીતરાય ગઢીયા** નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**રશ્મિન નવનીતરાય ગઢીયા**
નિલકંઠ સોસાયટી, હોમગાર્ડ ઓફિસ સામે,
મહુવા રોડ સાવરકુંડલા, જી.અમરેલી 364515 (ગુજરાત)





**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ગજેરા કેમ્પસની દીકરીઓ માટે શૈક્ષણિક સહાયની જાહેરાત

**મહિલા દિવસની અનોખી ભેટ**

અમરેલી, તા.૦૮

દરેક મહિલા માટે શ્રેષ્ઠ સંભાવનાઓ સર્જવાના સંકલ્પ સાથે, ગજેરા કેમ્પસના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ મહિલા દિવસના પ્રસંગે દીકરીઓ માટે શૈક્ષણિક સહાયની વિશિષ્ટ જાહેરાત કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાનો છે, જેથી તેઓની શૈક્ષણિક સહાયમાં મુખ્યત્વે દીકરીઓ માટે હોસ્ટેલ ફીમાં સહાયરૂપ થવા માટે રૂ. ૧૫,૬૦૦ સુધીની ફી સહાય આપવામાં આવશે. દીકરીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્કૂલ ફીમાં જરૂરી છૂટછાટ આપવામાં આવશે. કેમ્પસમાં શૈક્ષણિક ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં કુશળતા અને રુચિ વધારવા




માટે મફત તાલીમ યોજનાઓ યોજવામાં આવી છે. સરકારની સહાયક યોજનાઓનો પણ લાભ મળશે જેમાં જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ અંતર્ગત ૬૦૦ થી વધુ દીકરીઓએ શારીરિક તાલીમ અને રમતગમતની માર્ગદર્શિકા પ્રાપ્ત કરી છે. જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સ યોજનામાં ૬૦૦ થી વધુ દીકરીઓ એક્સેલેન્સ શાળામાં સર્વાંગી શિક્ષણનો લાભ લઈ રહી છે. કેમ્પસ ડિરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે, ગજેરા કેમ્પસ દીકરીઓના સર્વાંગી વિકાસ માટે અનેક યોજનાઓ દ્વારા સતત પ્રયત્નશીલ છે. આ પહેલ માત્ર શૈક્ષણિક સહાય પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિવિધ તાલીમ અને સહાયથી દીકરીઓને જીવનના દરેક ક્ષેત્રમાં સક્ષમ બનાવવાનો દૃઢ પ્રયાસ છે.

# વડીયાના તોરી ગામે 'હું તારા લગ્ન ક્યાંય બીજે થવા નહીં દઉં' કહી યુવતીને ધમકી આપી

વડીયા, તા.૦૮

વડીયાના તોરી ગામે એક યુવતીને ગાળો આપીને 'તું મારા ફોનમાં રિચાર્જ નહીં કરે તો હું તારા લગ્ન ક્યાંય બીજે નહીં થવા દઉં' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે યુવતીએ કિશનભાઇ હિંમતભાઇ રાઠોડ, હિતેષભાઇ હિંમતભાઇ રાઠોડ, ઉદયભાઇ કાંતિભાઇ રાઠોડ, નયન કાંતિભાઇ રાઠોડ, કાંતિભાઇ બચુભાઇ રાઠોડ, મુન્નાભાઇ જ હા ભા ઈ રાઠોડ, સુરાભાઇ વલ્લભભાઇ રાઠોડ સહિત કુલ ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ કિશનભાઈ રાઠોડ સાથે રિલેશનશીપમાં હતી. જે વાતની તેના ભાઈને જાણ થતા આરોપી કિશનને ઠપકો આપ્યો હતો. જેનુ મનદુઃખ રાખી આરોપીઓ તેમના ઘરે આવી તેને તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. તેમના ઘરની ઓસરીના ભાગે લગાડેલી લોખંડની ગ્રિલમાં હથિયારના ઘા પછાડી તેને તથા સાહેદોને' બહાર નીકળો આજે તમો બધાને મારવા છે અને સાહેદ મહેન્દ્ર ઉર્ફે મયલાને મારી નાખવો છે' તેમ કહી ગાળો બોલ્યા હતા. ઉપરાંત તેમને છેલ્લા પાંચેક વર્ષથી હેરાન કરી તેના ફોનમાં રિચાર્જ કરવાનું કહેતો હતો અને 'જો તું મારા ફોનમાં રિચાર્જ નહીં કરે તો હું તારા લગ્ન કયાંય બીજે થવા નહીં દઉ અને તને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી.

# દામનગરમાં હીરાના વેપારી સાથે રૂપિયા ૨૨.૭૯ લાખની છેતરપિંડી

દામનગર, તા.૦૮

દામનગરમાં હીરાના વેપારી સાથે મૂળ અમરેલીના દેવગામના અને હાલ મુંબઈ રહેતા એક શખ્સે રૂપિયા ૨૨.૭૯ લાખની છેતરપિંડી આચરી હતી. દામનગરમાં રહેતા અને હીરાની લે-વેચ કરતાં સાગરભાઈ કનુભાઈ બોખા (ઉ.વ.૩૧)એ મૂળ વડીયા તાલુકાના દેવગામના અને હાલ મુંબઈમાં રહેતા અરવિંદભાઈ વલ્લભભાઈ શેલડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની હરિકૃષ્ણ ડાયમંડની ઓફિસમાં હીરા લે-વેચના ધંધામાં અલગ અલગ સમયે છેલ્લા બે વર્ષ દરમિયાન હીરાની લે-વેચનો વેપાર કરી હીરાના રૂપિયા તેમને આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યાર બાદ તેની સાથે જુદા-જુદા કેરેટના હીરાનો વેપાર કર્યો હતો. જેમાં મળી કુલ-૧૦૮ કેરેટ અને ૦૪ સેન્ટના હીરા જે હીરાના કુલ રૂ.૨૨,૭૯,૭૫૨ નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

# ખાંભાના ધુંધવાણા ગામે ઈલેકટ્રીક આસિસ્ટન્ટને તલવાર બતાવી જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૦૮

ખાંભા તાલુકાના ધુંધવાણા ગામે ઈલેકટ્રીક આસિસ્ટન્ટને તલવાર બતાવી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બાબરાના ગમા પીપળીયા ગામના અને હાલ ખાંભામાં રહેતા જયસુખભાઈ દામજીભાઈ પરમાર (ઉ.વ.૩૯) એ ધીરૂભાઈ રાજાભાઈ ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ડેપ્યુટી એન્જિનિયર ખાંભાના ઓર્ડરના આધારે તેઓ તથા સાહેદ મહેન્દ્રસિંહ જીતુભા રાઠોડ બન્ને ધુંધવાણા ગામે જે ગ્રાહકોના વીજ બીલ બાકી હોય તેઓના ઘરે જઇ વીજ બીલના નાણાની રિકવરી કરવાનું કામ કરતા હતા. આ કામગીરી દરમિયાન રાજાભાઈ કેશુભાઈ ચુડાસામાના રહેણાંક મકાને વીજ બીલના નાણા બાકી હોવાથી તેની ઉઘરાણી કરવા જતાં વીજ બીલના નાણા ભરવાની ના પાડી હતી. જેથી તેઓનું વીજ મીટર ઉતારી લેતા સારૂ નહોતું લાગ્યું અને તેમને તથા સાહેદ મહેન્દ્રસિંહ રાઠોડને જેમ ફાવે તેમ જાહેરમાં બિભત્સ ભાષામાં ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમની સાથે ઝપાઝપી દરમિયાન નાણા સ્વીકાર્યા અંગેની QMR બુક નં.AGJ ૧૧૮૭ ની બુક ફાડી નાખી, 'તમારાથી મારૂ મીટર કેમ ઉતારાય' તેમ કહી ઘરમાંથી તલવાર લઇ આવી તેમને તથા સાહેદ મહેન્દ્રસિંહને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# દેવળીયા ગામે ડેલીની બહાર પાર્ક કરેલી પીકઅપની ઉઠાંતરી

**જસદણના ગોખલાણા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૦૮

બાબરાના દેવળીયા ગામે ડેલીની બહાર પાર્ક કરેલી પીકઅપની ઉઠાંતરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે ગોખલાણા ગામે રહેતા અને દૂધની ડેરીનો ધંધો કરતા ગોપાલભાઈ નાનજીભાઈ મુંધવા (ઉ.વ.૩૧) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેમની બોલેરો દેવળીયા ગામે જય ગોપાલ ડેરી પાસે પાર્ક કરી હતી.

જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ. ૬ લાખ જાહેર થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં મહિલા દિન નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ

બગસરા,તા.૦૮

બગસરાના વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી બગસરા વિસ્તારમાં મહિલા વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બગસરા શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં ૭૪ મહિલા મંડળો દ્વારા, ૧૧૦૦થી વધારે બહેનો સાથે દસ જેટલા મહિલા સેવા પ્રકલ્પ ચાલે છે. આ પ્રકલ્પ અંતર્ગત દર વર્ષે શ્રેષ્ઠ કામગીરી કરી રહેલ બે બહેનોને ચંપાબેન ગોંધિયા જ્યોતિ નારી રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જે મુજબ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ૮ માર્ચના રોજ, પટેલ વાડી બગસરા મુકામે બપોરે ત્રણ કલાકે, ગીતાબેન હિંમતભાઈ દુધાળા લુંધિયા અને નયનાબેન જેકીભાઈ મેવાડા બગસરાને સન્માનિત કરાશે. વિશિષ્ટ પ્રતિભા જ્યોતિ નારી રત્ન એવોર્ડ બગસરા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના રસીલા દીદીને આપવામાં આવશે. આ પ્રસંગે સંસ્થા દ્વારા મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિમાં સહયોગ આપી રહેલા આઠ ભાઈઓનું પણ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગીતાદીદી બ્રહ્માકુમારી સેન્ટર અમરેલી, કાલીન્દીબેન પરીખ અમરેલી, પ્રવીણાબેન વાઘાણી ભાવનગર, મંદાકિનીબેન પૂરોહિત બાબાપુર તથા બગસરા નગરપાલિકાના પ્રમુખ જ્યોત્સનાબેન રીબડિયા વગેરેના હસ્તે સૌને સન્માનિત કરાશે.

# અમરેલી એલસીબી ટીમે નાસતા ફરતા આરોપીને પકડ્યો

અમરેલી, તા.૦૮

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે નામ. ફેમિલી કોર્ટ, બગસરા નાઓનાં ક્રિમીનલ કેસમાં કસુરવાર ઠરાવી સજાનું વોરંટ ઈસ્યુ કરેલ હોય, મજકુર આરોપી રહીમભાઈ જુસબભાઈ પડીયાર (ઉ.વ.૪૬, રહે. જેતપુર) સજા વોરંટની ધરપકડ ટાળવા છેલ્લા સાત માસથી નાસતો ફરતો હતો. જેને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી, સજા માટે જિલ્લા જેલ, અમરેલી ખાતે મોકલી આપ્યો હતો. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરા તથા એલ. સી.બી. ટીમના એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા દ્વારા કરવામાં આવી હતી.

# જાહેર શાંતિભંગના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો, એડવોકેટ હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલો

અમરેલી, તા.૦૮

અમરેલીમાં જાહેર શાંતિભંગ કરવાના ઈરાદે વાયરલ વીડિયો અને મેસેજ ફોરવર્ડ કરવાના આરોપી મહેન્દ્રભાઈ અમૃતલાલ પટેલનો એડવોકેટ હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈને અમરેલીના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એન.જે. નાયી સાહેબે આરોપીને નિર્દોષ ઠેરવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ



કેસમાં આરોપી મહેન્દ્રભાઈ પટેલે ૨૦ એપ્રિલ ૨૦૨૦ના રોજ મેડિક્લેઈમ અશ્વિન પંડ્યા નામના વોટ્સએપ ગ્રુપમાં એક વીડિયો અને ત્રણ ફોટા સાથે હિન્દીમાં મેસેજ ફોરવર્ડ કર્યો હતો. મેસેજમાં લખ્યું હતું કે, ×યે સાધુઓ કો બે રેહમી સે પીટા ગયા હૈ એક મુસ્લિમ ગાંવ મેં પુરે ભારત કે હિજડે ચુપ હૈ!× પોલીસે આ મેસેજને ખોટો અને અફવારૂપ ગણાવી લોકોમાં ડર અને ગભરાટ ફેલાવવા બદલ આરોપી સામે ફરિયાદ દાખલ કરી હતી. કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૯૬ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૮૧ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૫૦ |
| અડદ | ૧૧૭૫ | ૧૫૬૫ |
| મગ | ૧૦૦૦ | ૧૮૩૦ |
| વાલ દેશી | ૯૧૫ | ૧૨૪૦ |
| ચોળી | ૧૨૧૫ | ૧૮૭૫ |
| વટાણા | ૧૨૭૦ | ૧૯૦૦ |
| કળથી | ૬૯૨ | ૬૯૨ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૩૦ |
| તલી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૪૯ |
| અજમો | ૨૧૬૦ | ૨૧૬૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૭૧૨ | ૭૮૮ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૫૩૬૩ |
| લસણ | ૮૫૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૮૯૧ |
| મરચા સુકા | ૮૫૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૨૧૦ | ૨૩૫૧ |
| વરીયાળી | ૧૨૩૦ | ૧૪૯૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૨૦ |
| રાય | ૧૦૩૦ | ૧૨૩૧ |
| મેથી | ૯૫૦ | ૧૪૦૦ |
| રાયડો | ૯૬૦ | ૧૦૪૫ |
| ગુવારનું બી | ૮૪૦ | ૮૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તરબુચ | ૨૫૦ | ૪૨૦ |
| બટેટા | ૧૬૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૧ | ૪૯૫ |

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૩૦ | ૨૬૦ |
| સકરીયા | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૩૦ | ૪૨૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૭૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૨૦ | ૪૧૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૨૦૦ | ૭૫૦ |
| તુરીયા | ૪૫૦ | ૬૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૪૦ |
| વટાણા | ૫૦૦ | ૬૫૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૫૦ |
| મેથી | ૧૪૦ | ૩૨૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૩૦ | ૨૫૦ |
| આદુ | ૬૫૦ | ૮૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૩૫૦ |
| લસણ લીલું | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૧ | ૧૦૮૬ |
| ગિરનારી શીંગ | ૧૦૭૦ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૯૦૫ | ૧૧૪૪ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૩૪૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૩૬૭૫ | ૪૯૦૦ |
| તલ કશ્મીરી | ૨૨૧૦ | ૨૪૭૫ |
| જુવાર | ૫૫૬ | ૯૨૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૭૧ |
| ઘઉં લોકવન | ૪૬૭ | ૫૪૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૩ |

| | | |
|---|---|---|
| સફેદ ચણા | ૧૦૫૮ | ૧૨૫૭ |
| તુવેર | ૧૦૩૦ | ૧૪૦૫ |
| કપાસ | ૮૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૨૩ |
| જીરૂ | ૧૯૦૦ | ૩૯૦૦ |
| ધાણા | ૧૦૪૦ | ૧૯૯૦ |
| ધાણી | ૧૦૫૦ | ૨૬૯૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૮૨૫ |
| સોયાબીન | ૪૫૦ | ૭૧૭ |
| મરચા લાંબા | ૩૭૦ | ૨૨૧૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૧૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૬૦ | ૨૦૦ |
| કોબીજ | ૭૦ | ૯૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૧૩૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૩૧૦ | ૪૧૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૫૨૦ |
| કાકડી | ૧૨૦ | ૩૨૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૬૫૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૧૦ | ૮૧૦ |
| શકકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૪૧૦ | ૫૧૦ |
| ભીંડો | ૬૩૦ | ૮૩૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૫૩૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૨૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૮૧૦ | ૯૧૦ |

| | | |
|---|---|---|
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકુ નવુ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૬૦ | ૨૨૦ |
| લીંબુ | ૧૮૧૦ | ૨૦૧૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી | ૧૦૦૧ | ૧૪૬૬ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૦૭૦ |
| શિંગદાણા જાડી | ૮૪૧ | ૧૨૯૧ |
| એરંડા/એરંડી | ૧૨૧૧ | ૧૨૮૧ |
| ધાણા | ૮૫૧ | ૨૦૦૧ |
| મરચા સુકા પટ્ટો | ૫૦૧ | ૫૮૦૧ |
| લસણ સુકુ | ૩૪૧ | ૧૩૮૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૪૫૧ |
| અડદ | ૭૧૧ | ૧૬૫૧ |
| મઠ | ૬૨૧ | ૬૨૧ |
| તુવેર | ૬૦૧ | ૧૪૪૧ |
| રાયડો | ૮૩૧ | ૧૦૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૦૧ |
| કાંગ | ૪૬૧ | ૬૮૧ |
| સુરજમુખી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| મરચા | ૫૦૧ | ૨૮૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૦૧ |
| તલ-તલી | ૧૫૦૦ | ૨૦૬૧ |
| ધાણી | ૯૫૧ | ૨૬૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૪૨ |
| બાજરો | ૪૪૧ | ૪૮૧ |
| જુવાર | ૬૦૦ | ૯૦૧ |
| મકાઈ | ૪૬૧ | ૭૦૧ |
| મગ | ૧૦૫૧ | ૧૬૫૧ |
| વાલ | ૪૯૧ | ૧૩૬૧ |
| ચોળા/ચોળી | ૫૭૬ | ૫૭૬ |
| સોયાબીન | ૫૦૦ | ૭૭૬ |
| વટાણા | ૫૪૧ | ૫૪૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૫ | ૧૪૭૫ |
| કપાસ મીડીયમ | ૧૧૦૫ | ૧૩૫૫ |
| મગફળી ૨૦ | ૧૦૩૦ | ૧૦૭૦ |
| મગફળી બી.ટી. | ૯૭૪ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૪૧ | ૧૦૫૭ |
| જીરૂ | ૩૪૧૫ | ૩૯૮૫ |

| | | |
|---|---|---|
| ઘઉ | ૫૧૬ | ૫૪૪ |
| તુવેર | ૧૨૭૫ | ૧૪૪૫ |
| ધાણા | ૧૨૧૫ | ૧૮૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૪ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૦૦ |
| ચણા | ૭૮૦ | ૧૦૧૫ |
| સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૧૫ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| મગફળી | ૮૫૦ | ૯૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| રાય | ૯૦૦ | ૯૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૩૯૫ |
| મગફળી | ૯૩૬ | ૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૨ |
| ચણા સફેદ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| તુવેર | ૯૫૫ | ૧૩૫૦ |
| ધાણા | ૧૨૦૧ | ૧૩૭૦ |
| અડદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૬૫ | ૧૪૫૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૦૩૦ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૪૮ |
| શીંગ જી.૨૦ | ૧૦૨૦ | ૧૦૫૭ |
| જુવાર | ૪૦૦ | ૯૩૬ |
| બાજરી | ૪૧૯ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૯૪ |
| અડદ | ૭૦૦ | ૯૩૫ |
| મગ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૭૩૫ | ૭૩૫ |
| ચણાનં.૩ | ૮૯૨ | ૧૦૪૭ |
| ચણા દેશી | ૧૦૧૯ | ૧૩૦૨ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૪૩૫ |
| તલ પુરબીયા | ૨૨૩૦ | ૨૩૮૫ |
| તુવેર | ૧૩૩૫ | ૧૪૨૨ |
| ડુંગળી લાલ દે | ૧૫૮ | ૪૨૮ |
| ડુંગળી ગુલાબી | ૧૫૨ | ૪૫૪ |

| | | |
|---|---|---|
| ડુંગળી સફેદ ડી | ૨૦૦ | ૨૬૯ |
| ડુંગળી સફેદ એ | ૨૬૯ | ૩૩૧ |
| નાળીયેર | ૫૦૪ | ૨૬૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૫ | ૧૦૨૦ |
| તલ પીળા | ૧૫૦૦ | ૨૨૩૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| બાજરો | ૬૧૧ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૫૧૯ | ૫૮૬ |
| જુવાર | ૬૦૧ | ૯૭૨ |
| મકાઇ | ૬૮૭ | ૬૮૭ |
| અડદ | ૧૦૧૦ | ૧૦૧૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૨૩ |
| ચણા | ૧૦૧૬ | ૧૦૪૨ |
| મેથી | ૧૦૦૧ | ૧૨૭૫ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| રાય | ૧૦૭૦ | ૧૨૩૦ |
| અજમા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૯૪ |
| તલ સફેદ | ૨૦૨૬ | ૨૧૭૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૦૦ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૫૮ |
| ઘઉ લોકવન | ૪૯૦ | ૫૪૫ |
| ઘઉ ટુકડા | ૫૦૫ | ૫૮૦ |
| બાજરો | ૫૭૦ | --- |
| જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૫૦૨ | ૫૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૮૧ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૨૧ |
| એરડી | ૧૧૯૭ | ૧૨૦૧ |
| ધાણા | ૧૨૫૦ | ૨૨૧૦ |
| સોયાબીન | ૬૯૮ | ૭૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૧૦૦૦ | ૧૦૯૯ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૩૬ |
| બાજરો | ૪૭૦ | ૫૯૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૫ |
| રાઇ | ૯૭૦ | ૧૦૪૧ |
| રાયડો | ૯૫૦ | ૧૦૩૦ |

| | | |
|---|---|---|
| મેથી | ૮૫૦ | ૧૧૧૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| જુવાર | ૫૨૫ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૨૫ | ૧૧૬૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૩ |
| જાકળિયા તલ | ૨૦૦૦ | ૨૨૧૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૫૬ |
| ધાણા | ૯૧૧ | ૧૩૦૪ |
| કપાસ-ડોળાસા | ૧૧૮૦ | ૧૪૦૦ |
| કાંગ | ૪૦૦ | ૫૧૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૯૦૧ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૦ | ૯૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૧૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૫૧ |
| શિંગફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| **જામનગર** | | |
| બાજરો | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં | ૪૭૦ | ૬૧૫ |
| મગ | ૧૪૦૦ | ૧૪૯૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૧૦ |
| વાલ | ૮૧૫ | ૯૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૧૮૮૦ |
| મગફીળી જીણી | ૮૫૦ | ૧૦૪૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૦ |
| એરંડા | ૧૧૪૩ | ૧૨૧૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૩૦ |
| રાઇ | ૧૦૫૦ | ૧૨૩૦ |
| કપાસ | ૮૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૮૨૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૧૮૦ |
| ધાણા | ૯૦૦ | ૧૭૭૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૪૮૦ |
| મરચા સુકા | ૩૦૦ | ૨૬૯૦ |
| વટાણા | ૧૨૯૦ | ૧૭૫૫ |
| રાજમા | ૧૩૯૫ | ૧૬૨૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ ૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# ટ્રમ્પની નીતિ : યદ્યદા ચરતિ શ્રેષ્ઠ

વિચાર વલોણું



જયવંત પંડ્યા



નાણાકીય વર્ષના અંતિમ મહિનાના પહેલા જ દિવસે યુક્રેનના વડાપ્રધાન વ્લાદીમીર ઝેલેન્સ્કી અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે બાખડી પડ્યા. આ ઘટનાનું ચિત્રણ સેક્યુલર મીડિયામાં એવી રીતે કરવામાં આવ્યું કે ઝેલેન્સ્કી બહુ વીર છે. ટ્રમ્પે તેમને વ્હાઈટ હાઉસમાંથી કાઢી મૂક્યા. પરંતુ વાત શું હતી ? અમેરિકાના ઉપ રાષ્ટ્રપ્રમુખ જેડી વાન્સે પહેલાં ઝેલેન્સ્કીને સમજાવ્યા. પરંતુ ઝેલેન્સ્કી ટસના મસ ન થયા. કોઈ એમ કહી શકે કે અમેરિકાને યુક્રેનના ખનિજોમાં રસ છે એટલે નાક દબાવે છે. પરંતુ ઝેલેન્સ્કીએ પડોશી રશિયા સાથે સારાસારી રાખવાના બદલે નાટોના સભ્ય પદ માટે જેમના દીકરા પર યુક્રેનમાં અંગત હિત હોવાનો આક્ષેપ છે તે અમેરિકાના લેફ્ટ-લિબરલ બાઈડેનના ચડાવ્યા ચડીને યુદ્ધ નોતરી બેઠા. એમાં કોઈ શંકા નથી કે યુક્રેને સારો પ્રતિસાદ આપ્યો છે અને ત્રણ વર્ષથી રશિયાને સંપૂર્ણ રીતે ફાવવા નથી દીધું, પરંતુ ઝેલેન્સ્કીએ એ સમજવાની આવશ્યકતા હતી કે આ બધું શક્ય બન્યું માત્ર ને માત્ર અમેરિકાએ તેને અત્યાધુનિક શસ્ત્રો પૂરાં પાડ્યાં એટલે. ઝેલેન્સ્કી એક દિવસના રાજા બની ગયા કારણકે સેક્યુલર મીડિયા અને બ્રિટનના ડાબેરી વડાપ્રધાન, ફ્રાન્સના મેક્રોં વગેરેએ તેમની વાહ-વાહ કરી દીધી. પરંતુ તરત જ ઝેલેન્સ્કીને સમજાઈ ગયું કે એક તરફ રશિયાને શત્રુ બનાવ્યું હોય તો અમેરિકાને સાથે રાખવું પડે. રશિયા ભેગી અમેરિકા સામે શત્રુતા ન વહોરી લેવાય એટલે તેમણે પત્ર લખી કહ્યું કે તેઓ ટ્રમ્પના મજબૂત નેતૃત્વ હેઠળ કામ કરવા તૈયાર છે. ઝેલેન્સ્કી પામી ગયા કે જે અમેરિકા ઝેલેન્સ્કીને સત્તામાં બેસાડી શકે તે અમેરિકા તેમને ત્યાંથી ઉઠાડી પણ શકે. ડૉનાલ્ડ ટ્રમ્પને અમેરિકાને ફરીથી મહાન બનાવવું છે. તેમના માટે અમેરિકાના ખર્ચા ઓછા કરવા એ પ્રથમ પ્રાથમિકતા છે. આ માટે તો તેમણે નવો વિભાગ સરકારી કાર્યક્ષમતા – જેને DOGE કહે છે તે શરૂ કર્યો છે. લેફ્ટ લિબરલોનાં હિતો (અને સાથે ઈસ્લામિક જિહાદીઓનાં પણ- કારણકે લેફ્ટ લિબરલો અને જિહાદીઓ હાથમાં હાથ નાખીને જ ચાલે છે) પોષાય તે માટે અમેરિકાના ડેમોક્રેટ પ્રમુખોએ વિદેશોમાં લશ્કર એ તોઈબા, પંથાંતરણની પ્રવૃત્તિને પ્રત્યક્ષ-આડકતરું પ્રોત્સાહન આપનારી એટલાન્ટિક કાઉન્સિલ અને વર્લ્ડ વિઝન જેવી સંસ્થાઓને યુએસએઈડ મારફતે ભંડોળ મળે તેવી વ્યવસ્થા ગોઠવી હતી. વર્લ્ડ વિઝન હમાસ જેવા ત્રાસવાદી સંગઠનને પૈસા આપવા માટે કુખ્યાત છે. વર્લ્ડ વિઝનનું વર્લ્ડ કાઉન્સિલ ઑફ ચર્ચ સાથે જોડાણ છે. યુએસએઈડ પર તાલિબાનોને મદદ માટે ૧.૫ કરોડ ડૉલર આપવાનો પણ આક્ષેપ છે. તો યુએસએઈડે નેપાળને નાસ્તિક બનાવવા પણ ઘણા ડૉલર વેર્યા હતા. એટલું જ નહીં, લૈંગિક સમાનતાના નામે વિકૃત એલજીબીટીક્યૂ સમુદાયને પ્રોત્સાહન માટે યુએસએઈડ નાણાં વેરતી હતી. દા.ત. કેરેબિયન દેશોમાં કોઈ વ્યક્તિ પોતાને એલજીબીટીક્યૂ સમુદાયનો ગણાવે તે પ્રકારના પ્રોત્સાહન માટે યુએસએઈડે કુલ ૩૦ લાખ ડૉલર આપ્યા હતા. આ બધાથી અમેરિકાનું કયું હિત સરતું હતું, કહો તો ? અમેરિકા ઈસ્લામિક ત્રાસવાદીઓને પોષે અને પછી એ ત્રાસવાદીઓ ૨૦૦૧ની જેમ ત્રાસવાદી આક્રમણ કરે. માનો કે ન કરે, તો પણ એટલા ડૉલર તો ગયા ખાતે જ ને. એલજીબીટીક્યૂ જેવો વિકૃત સમુદાય ફૂલતોફાલતો જાય તેનાથી અમેરિકાને શું ફાયદો ? અમેરિકાની તો પોતાની પરિવારવ્યવસ્થા આ સમુદાયના પ્રસારના કારણે તૂટી જ છે. ધનાઢ્ય ઉદ્યોગપતિ એલન મસ્કે તો પોતાનો દીકરો ઝેવિયર આ સમુદાયના કારણે ગુમાવ્યો છે, અર્થાત્ ઝેવિયર સેક્સ ઑપરેશન કરાવીને દીકરી બની ગયો છે. એટલે જ તો આ વિકૃતિને પોષનાર સૉશિયલ મીડિયા ટ્વિટરને મસ્કે ડૉલર વેરીને ખરીદી લીધું. એટલે ટ્રમ્પ અને મસ્કની જોડી આ વિકૃતિ સામે પણ લડે છે, લેફ્ટ-લિબરલો સામે પણ લડે છે અને અમેરિકામાં યુએસએઈડ જેવો જે કચરો છે તેને સાફસૂફ કરે છે. હજારો કર્મચારીઓને કાઢી મૂકાયા છે. ટ્રમ્પ કેનેડાના લેફ્ટ-લિબરલ અને ખાસ તો ભારત વિરોધી તેમજ ખાલિસ્તાનીઓના સમર્થક વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને ગવર્નર તરીકે જ બોલાવે છે. અર્થાત્ કેનેડાને તેઓ અમેરિકાનું ૫૧મું રાજ્ય ગણે છે. એ કંઈ ઓછું છે કે ટ્રમ્પના આવ્યા પછી ટ્રુડોએ ત્યાગપત્ર આપવો પડ્યો છે ? ટ્રમ્પ અમેરિકા માટે જે કરતા હોય તે ભારત માટે સારું જ છે. યદ્યદા ચરતિ શ્રેષ્ઠઃ તત્તદેવેતરો જનઃ. મોટા માણસો જે કરે તેને જનતા અનુસરે છે. અમેરિકાના કારણે જ ફેક ફેમિનિઝમ વિશ્વ ભરમાં પ્રસર્યું. અમેરિકાના કારણે જ પૉર્ન ઈન્ડસ્ટ્રી પણ વિશ્વ ભરમાં પ્રસરી. અમેરિકાના કારણે જ સાઈકિક ફિલ્મો બનાવવાનું પણ ભારતમાં આવ્યું. અમેરિકાના કારણે જ એલજીબીટીક્યૂ સમુદાય વિશ્વ ભરમાં પ્રસર્યો અને મહત્ત્વનાં પદો પર આવ્યો. અમેરિકાના કારણે જ વૈશ્વિકરણ અને ઉદારીકરણના નામે અમેરિકાની બટેટાની પતરી (ચિપ્સ) અને હાનિકારક ઠંડાં પીણાં બનાવતી બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારત સહિત વિશ્વભરમાં આવી. અને પોતાની જાહેરખબર અને પ્રમૉશનલ એક્ટિવિટી જેમ કે ક્રિસમસની ઉજવણી, દ્વારા સંસ્કૃતિ પણ બગાડી અને હિન્દુ ધર્મ પર આઘાત પણ કર્યો. હવે ટ્રમ્પના માધ્યમથી અમેરિકા જો સમયનું ચક્ર પાછળની બાજુ ફેરવી રહ્યું હોય તો ખોટું શું છે ? ભારત માટે તો સારું જ છે. ટ્રમ્પ ભારે સીમા શુલ્ક લાગુ કરી ચીનના સસ્તા માલને અમેરિકામાં ડમ્પ થતો રોકવા માગે છે. આપણે તો આ પગલું નરેન્દ્ર મોદી સરકાર આવી તે પછી તરત જ લાગુ કરી દીધું હતું. ટ્રમ્પે સીમા શુલ્કની ધમકી આપીને મેક્સિકો અને કેનેડાને તેમને ત્યાંથી અમેરિકામાં ઘૂસી આવતા લોકોને રોકવા ફરજ પાડી છે. મેક્સિકો અને કેનેડા ટ્રમ્પની ધમકી પછી સીમા પર ચુસ્ત સુરક્ષા રાખવા સંમત થયા છે. અમેરિકા જગતજમાદાર થઈને ફરતું હતું. કોઈ શંકા નથી કે આનાથી અમેરિકાનો વટ પડતો હતો. પરંતુ આ જગતજમાદાર થવામાં ને થવામાં અમેરિકા દેવાદાર થઈ ગયું કારણકે અમેરિકા અને યુરોપના દેશો ભેગા થઈને ‘નાટો’ તરીકે વિશ્વમાં જે પોતાની વાત ન માને તેને દમદાટી આપી ધાર્યું કરાવતા હતા. તેમાં સૌથી વધુ સંરક્ષણ ખર્ચ અમેરિકા જ કરતું હતું. સાથી દેશો તો અમેરિકાના ખભે બંદૂક ફોડતા હતા અને પાછો શત્રુઓ પાસેથી પણ લાભ મેળવતા જ હતા. દા. ત. યુક્રેનને રશિયા વિરુદ્ધ ભડકાવીને યુદ્ધ નોતરી દીધું પણ યુરોપે રશિયા પાસેથી ક્રુડ ઑઈલ લેવાનું બંધ કર્યું નહીં.

આથી જ જ્યારે ભારતને રશિયા પાસેથી ક્રુડ ઑઈલ લેવાનું બંધ કરવા યુરોપે કહ્યું ત્યારે આપણા ચબરાક, ત્વરિત ઉત્તર આપવામાં કુશળ વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહી દીધું કે પહેલાં તમે તો બંધ કરો. અને સાથે તેમણે એમ પણ કહ્યું કે યુરોપ એવો દાદો છે જે પોતાની સમસ્યાને દુનિયાની સમસ્યા તરીકે ઠસાવવા માગે છે જ્યારે દુનિયાની સમસ્યા (જેની સાથે પોતાને કંઈ લાગતું વળગતું ન હોય તો) સાથે તેને કોઈ છેડો રાખવો નથી હોતો. એટલે કે માથાભારે વ્યક્તિને શરદી થઈ જાય તો ઘરમાં કોઈએ આઈસ્ક્રીમ નહીં ખાવાનો, ઠંડી છાશ નહીં પીવાની. પરંતુ ઘરમાં કોઈને તાવ હોય તોય પોતે પાણીપુરી ચટાકા લઈ ખાય અને પેલાનો જીવ બાળે. યુરોપની આ જ માનસિકતા રહી છે. અને અત્યાર સુધી યુરોપ ભેગું અમેરિકા પણ રહેતું હતું, એટલે તેની પણ આ જ માનસિકતા રહી છે. ૧૯૯૦ સુધી ઈરાનને નિયંત્રણમાં રાખવા સદ્દામ હુસૈનને અમેરિકા ટેકો આપે, પરંતુ કુવૈત પર સદ્દામ હુસૈન (એટલે કે ઈરાક) આક્રમણ કરે એટલે તેના માટે ખલનાયક થઈ જાય. અને એટલે વિશ્વ આખાએ પણ તેને ખલનાયક માની લેવાનો. ૨૦૦૧ સુધી ઓસામા બિન લાદેન અને અલ કાયદા રૂપી નાગને અમેરિકાએ પાળ્યા-પોષ્યા પરંતુ એ જ નાગે ૨૦૦૧માં ડંખ માર્યો તો લાદેન પ્રથમ ક્રમનો ખૂંખાર ત્રાસવાદી થઈ ગયો. ૨૦૦૧ પહેલાં ભારતે ગામ ગજવીને કહ્યું હતું કે પાકિસ્તાન ઈસ્લામિક ત્રાસવાદી સંગઠનોને મોકળું મેદાન આપીને તે ત્રાસવાદીઓને ભારત મોકલીને બૉમ્બ ધડાકા કરાવીને ભારતને હેરાન કરે છે, તો તેનું કંઈક કરો. અટલ સરકારે તો આના માટે અમેરિકાના વિદેશ પ્રધાન સ્ટ્રૉબ તાલ્બોટ સાથે અનેક બેઠકો કરી હતી. પરંતુ વાર્યા ન વળે તે હાર્યા વળે તેમ ૨૦૦૧ પછી અમેરિકાને ભારતની વાત થોડીઘણી સમજાઈ. જોકે અમેરિકામાં ડેમોક્રેટ બરાક ઓબામા રાષ્ટ્રપ્રમુખ બન્યા એટલે ૨૦૧૬ સુધી તો અમેરિકાએ પાકિસ્તાનને થાબડભાણા ચાલુ જ રાખ્યા હતા. ૨૦૧૬માં ટ્રમ્પ સત્તામાં આવ્યા પછી અમેરિકાએ પાકિસ્તાનને ઘાસ નાખવાનું બંધ કરી દીધું. કહેવાનો અર્થ એ કે ડૉનાલ્ડ ટ્રમ્પને લાગે છે કે અમેરિકાએ જગત જમાદાર થઈને બહુ ફાંકા મારી લીધા. કોઈ ધનવાન વ્યક્તિ ગામમાં પોતાનો વટ પાડવા લગ્ન ભારે ધૂમધામથી કરે અને વારેતહેવારે ધૂમાડાબંધ ગામ જમાડે, પણ પોતાના છોકરામાં કોઈ ભલી વાર ન હોય અને ગામના ઉતાર જેવા લોકોને ઘરમાં કામે રાખ્યા હોય પરંતુ તે લોકો ગેરલાભ લઈ દાદાગીરી કરવા લાગે અને એ ધનવાન વ્યક્તિ પછી આવક ઓછી થઈ જતાં ગાલ લાલ રાખવા દેવું કરીને ઘી પીવે તેવો ઘાટ અમેરિકાનો થયો છે. લેફ્ટ-લિબરલ ડેમોક્રેટ કે પછી જર્મનીનાં એન્જેલા મેર્કેલ હોય કે બ્રિટનના તે વખતના ટૉની બ્લૅર કે ભારતમાં કૉંગ્રેસ, તૃણમૂલ કૉંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ જેવા પક્ષો- આ બધાએ સત્તા માટે પોતાના દેશમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન, આફ્રિકાના મુસ્લિમ અને અન્ય નકામા એટલે કે આવડત વગરના લોકોને શરણાર્થીઓના નામે આવવા દીધા. સરકારી લાભો આપ્યા. અને બીજી તરફ, અમેરિકાની સમૃદ્ધ પ્રજાની નવી પેઢી ડ્રગ્સના રવાડે આ શરણાર્થીઓના કારણે ચડી ગઈ. શિક્ષણ પદ્ધતિ પણ એવી બનાવી દીધી હતી કે તેમાં કાં તો વ્યક્તિ ફેમિનિસ્ટ બને અથવા તો એલજીબીટીક્યૂ. નૈતિકતા બચી નહીં. તેથી આ બંનેમાંથી કંઈ ન બને તોય યુવાનો સેક્સના રવાડે તો ચડી જ જાય. આના પરિણામે અમેરિકાની નવી પેઢી આવડત વગરની થઈ જતાં તેમને આઈટી બાબતે ભારતીયો પર આધાર રાખવો પડ્યો તો મેન્યૂફૅક્ચરિંગ કે ફાર્માસ્યુટિકલ માટે ચીન પર. પરિણામે બધું કામ અમેરિકા બહાર જવા લાગ્યું અને અમેરિકાને તે દવા કે પ્રૉડક્ટ આયાત કરવી પડે. તેમાંય સીમા શુલ્ક ઓછું એટલે અમેરિકાની પોતાની કંપનીઓની પ્રૉડક્ટ ઓછી વેચાય. ભારતમાં પણ કૉંગ્રેસ આણિ કંપનીએ આવું જ કર્યું. સંરક્ષણ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના બદલે જ્યારે સોવિયેત સંઘ સામ્યવાદી હતું ત્યારે તેની પાસેથી ‘મિગ’ જેવા ખરાબ વિમાનો લીધાં. ઑગસ્તા વેસ્ટલેન્ડ જેવો ભ્રષ્ટાચારી સોદો કર્યો. બાંગ્લાદેશી મુસ્લિમ અને રોહિંગ્યા મુસ્લિમ ઘૂસણખોરોને મતદાર બનાવી દીધા. પરિણામે ભારતની બુદ્ધિશાળી પ્રજા અમેરિકા, કેનેડા, બ્રિટન અને ઑસ્ટ્રેલિયા જવા લાગી. હવે જ્યારે ટ્રમ્પ પોતે સમયનું ચક્ર ફેરવી રહ્યા છે, ઘૂસણખોરોને તગેડી રહ્યા છે અને તેમણે ગૉલ્ડ કાર્ડ રજૂ કર્યું છે તેમજ સંસદમાં કહ્યું છે કે એલજીબીટીક્યૂના આધારે કે પછી અમે શીખ છીએ કે મુસ્લિમ છીએ અને અમને ભારત સરકાર હેરાન કરે છે તેવા રોદણાં રોતાં આવશો તો તમને અમેરિકાનું નાગરિકત્વ નહીં મળે. તમારામાં કૌશલ્ય (સ્કિલ) હશે તો જ અમે નાગરિકત્વ આપીશું ત્યારે ભારતે પણ વૈશ્વિક નેરેટિવનો ઉપયોગ કરીને પેધી ગયેલા બાંગ્લાદેશી અને રોહિંગ્યા મુસ્લિમોને તેમના દેશ સાભાર પરત મોકલી દેવાની આવશ્યકતા છે અને અહીં માત્ર ભારતીય ભાષા, સંસ્કૃતિ અને વારસા તથા અર્થતંત્રને મજબૂત બનાવે તેવા નાગરિકોને જ નાગરિકત્વ આપવાની જડબેસલાક પ્રણાલિ સ્થાપવી જોઈએ. ટ્રમ્પ પોતાના દેશને મહાન બનાવવા માટે તિજોરીને ભરવા માગે છે. તેથી જ મેક્સિકો, કેનેડા, ચીન અને કંઈક અંશે ભારત પર સીમા શુલ્ક ઝીંકી રહ્યા છે. તેનાથી વૉરેન બફેટ જેવા લેફ્ટ-લિબરલ ઉદ્યોગપતિઓ અને સીએનએન, ટાઈમ્સ, વૉશિંગ્ટન પૉસ્ટ, ન્યૂ યૉર્ક ટાઈમ્સ જેવાં મીડિયા દેકારો મચાવશે, અમેરિકામાં આના કારણે થોડી મંદી પણ આવશે કારણકે શૅરબજારમાં મંદી આવશે. તેનાથી વિશ્વમાં મંદી આવશે. પરિણામે વ્યાજ દર ઘટશે અને વ્યાજ દર ઘટવાનો લાભ લઈ ટ્રમ્પ અમેરિકાના દેવાને રિસ્ટ્રક્ચર કરી ઓછા વ્યાજે ચૂકવણી કરી દેશે.

જોકે ટ્રમ્પને આ બધું સફળ રીતે પાર પાડવામાં વિદેશો કરતાં પોતાના દેશમાં વધુ જોખમ છે. તેમના વિરોધીઓ ટ્રમ્પને નિશાન માત્ર વાક્યુદ્ધથી નથી બનાવી રહ્યા. ચૂંટણી અભિયાન વખતે જ તેમના પર ગોળી છોડી તેમનો જીવ લેવા પ્રયાસ કરાયો હતો. તે પછી ચૂંટણી અભિયાનમાં જ તેમના ફ્લૉરિડા નિવાસસ્થાને તેઓ ગૉલ્ફ રમી રહ્યા હતા ત્યારે તેમના પર ગોળી છોડી જીવ લેવા પ્રયાસ કરાયો હતો. જોકે ગોળી છોડે તે પહેલાં જ ટ્રમ્પના સુરક્ષા કર્મચારીએ તેને પકડી લીધો હતો. ચૂંટણી અભિયાનમાં તેમની હૉટલ બહાર એક ટ્રકનો વિસ્ફોટ કરાયો હતો. ચૂંટણી પછી સત્તામાં આવ્યા બાદ ૧ માર્ચે ટ્રમ્પના ફ્લૉરિડા નિવાસ પર ત્રણ સિવિલિયન પ્લેને ફ્લાઈટ નિયંત્રણોનો ભંગ કર્યો હતો. તમે તેમને ગાંડા કહો, કે પછી કેટલાકે ‘બેધડક’ કહ્યું તેમ માફિયા કહો, પરંતુ ટ્રમ્પ માટે અમેરિકા પ્રથમ છે. ડેટા કંપની સીઈઆઈસી મુજબ, અમેરિકાનું દેવું સપ્ટેમ્બર ૨૦૨૪માં ૨૫,૭૯૮.૧ અબજ ડૉલર હતું. ૨૦૦૩માં તે ૬,૫૦૭.૨ ડૉલર જ હતું. એટલે કે ૨૦૦૮થી ૨૦૧૬ એમ આઠ વર્ષ અને ૨૦૨૦થી ૨૦૨૪ સુધી બીજાં ચાર વર્ષ ડેમોક્રેટોએ અમેરિકાને નુકસાન થાય તેવી નીતિ અપનાવીને અમેરિકાનું દેવું વિશ્વમાં સર્વોચ્ચ સ્તરે પહોંચાડી દીધું. જોકે ટ્રમ્પે ‘બ્લેક લાઈવ્સ મેટર’ જેવાં આંદોલનથી સાચવવું પડશે. આવો કોઈ મુદ્દો ડેમોક્રેટના હાથમાં આવી ગયો તો ટ્રમ્પ તેમનાં ધાર્યાં નિશાનો પાર પાડી નહીં શકે.

■ jaywant.pandya@gmail.com

# નાયક અને પ્રતિનાયક – એક પ્રજાનો હીરો બીજી પ્રજાનો વિલન છે ?



રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ઔરંગઝેબ એક નિષ્ઠુર, ક્રૂર, ધર્માંધ, ઝનૂની, કટ્ટર, અતિવિસ્તારવાદી, હિંદુદ્વેષી મુસ્લિમ શાસક હતો. શાહજહાં અને મુમતાઝના ચૌદ પૈકીનું છઠ્ઠું સંતાન હતો. સગા ભાઈઓ સહિત જે તેની ગાદી માટે હકદાવો કરી શકે તેવો ખતરો હતા એ તમામની કતલ કરાવીને તખ્ત પર બેઠો હતો. પોતાના વૃદ્ધ પિતાને પણ તેમના જીવનના છેલ્લાં સાત વર્ષો આગ્રાના કિલ્લામાં કેદ કરીને રાખ્યા હતા. એના કારણે મક્કાના શરીફે ઔરંગઝેબને ભારતના સત્તાવાર શાસક માનવાનો ઈનકાર કરી દીધો હતો. ઔરંગઝેબે મોકલેલી ભેટસોગાદો પણ તેઓ સ્વીકારતા નહોતા. ભૂતપૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ પણ પોતાના પુસ્તક ‘ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'માં લખ્યું હતું કે ઔરંગઝેબ એક ધર્માંધ અને રૂઢિચુસ્ત વ્યક્તિ હતો. તેણે હિન્દુઓના મેળા, ઉત્સવો, ધાર્મિક તહેવારો વગેરે જાહેરમાં ઉજવવાની મનાઈ ફરમાવી. હિંદુઓ પર તેણે ફરી જજિયાવેરો નાંખ્યો. તેણે મુસ્લિમો કરતાં હિન્દુઓ પાસેથી વધારે કરવેરા વસૂલ કર્યા. પોતાના શાસનકાળ દરમિયાન બંધાયેલ ઘણાંખરાં હિન્દુ મંદિરો ઔરંગઝેબે તોડાવી નખાવ્યાં. શીખોના મંદિરો તોડી પાડવાની નીતિની શીખગુરુ તેગબહાદુરે ટીકા કરી, ઔરંગઝેબે તેગબહાદુરને મુસ્લિમધર્મ સ્વીકારવા દબાણ કર્યું, પણ તેગબહાદુરે તેનો ઈન્કાર કર્યો. ઔરંગઝેબે તેગબહાદુરનો વધ કરાવ્યો. તેગબહાદુરના પુત્ર ગુરુ ગોવિંદસિંહે ખાલસા નામે શીખ લશ્કરી દળ સ્થાપીને ઔરંગઝેબ સામે લલકાર કર્યો. આ યુધ્ધમાં ગોવિંદસિંહના બે પુત્રો કેદ પકડાયા, એ બે પુત્રોએ પણ ઈસ્લામ ધર્મ સ્વીકારવાનો ઈન્કાર કરતાં ઔરંગઝેબે તેમનો ક્રૂર રીતે વધ કરાવ્યો. ગુરુ ગોવિંદસિંહનું મુઘલો સામેનું યુદ્ધ ઔરંગઝેબના મૃત્યુ સુધી ચાલુ રહ્યું. મુઘલ સામ્રાજ્યના પતનમાં શીખોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો. મુહીયુદ્દીન મુહમ્મદ ઔરંગઝેબ-આલમગીર પાદશાહ ગુજરાતના દાહોદમાં પેદા થયેલો એક નાની કોમનો હીરો હતો અને એક મોટી કોમનો વિલન હતો.

દરેક પ્રજા પાસે એક શૌર્યપુરુષ હોય છે, એક હીરો હોય છે. હિંદુઓ પાસે દરેક કાળમાં દરેક આક્રમણની સામે એક તાકાત, એક પૌરુષ પ્રગટ થતું રહ્યું છે. છત્રપતિ શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ, ભગતસિંહ... ચંદ નામ છે. દેશના કોઈ નામી અનામી ખૂણે માભોમની રક્ષા કાજે અનેકો વીર ઝઝૂમી ગયા છે, દુશ્મનને મારી ગયા છે, પોતે શહીદ થયા છે. દરેકનો ઈતિહાસ નથી લખાયો. હિન્દુસ્તાનની બદકિસ્મતી છે કે બહુમત પ્રજા પર સદીઓ સુધી નાની પ્રજાનું શાસન રહ્યું છે. એ શાસકોએ પોતાની દ્રષ્ટિથી ઈતિહાસનું આલેખન કરાવ્યું છે. એ ગયા બાદ પણ દરબારી કક્ષાના જુઠ્ઠા, એકતરફી, સરકારી માનઅકરામ પર નભતા, બહુમત હિંદુઓ પ્રત્યે ઔરંગઝેબ જેવો દ્વેષ ધરાવતા હુક્કાબરદાર જેવા ઈતિહાસકારો દ્વારા તેનું આલેખન અને સમર્થન થતું રહ્યું. પરિણામ એ આવ્યું કે હિન્દુસ્તાનની પેઢી દર પેઢી હિન્દુસ્તાનના આક્રાન્તાઓના નામ ગોખતી ગઈ. એટલે આજે કોઈને એટલી છૂટ મળી ગઈ છે કે એ પ્રજાની વચ્ચે રહી તમે ઔરંગઝેબને હીરો ધારી શકો છો.

ભારતની પ્રજાને અન્નદાતાઓની ખુશામત કરતો ઈતિહાસ સતત પીરસવામાં આવ્યો. ગુલામીના જનીનો જેના લોહીમાં ઉતરી ગયા છે અને એના આકાઓના પહોંચા પર ચોપડેલું અફીણ ચાટીને ઘેનમાં રહેવાની આદત છે એમણે લખ્યું કે પોરસ હારી ગયો હતો અને સિકંદર તો થાકીને પાછો ફર્યો હતો. હકીકતે સિકંદરે ભારતની ધરતી પર પગ પણ મુક્યો નથી. એ ઝેલમના સામા કાંઠેથી પરત ફરી ગયો હતો. તરાઈના પહેલા યુધ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણે મહમદ ઘોરીને હરાવ્યો અને માફ કર્યો એ ઈતિહાસ માત્ર ચાર લીટીમાં આલેખાઈ ગયો હકીકતમાં એ ભારતના ઈતિહાસની એક માઈલસ્ટોન ઘટના છે, અને મહમદ ગઝનીએ સોમનાથ લૂંટ્યું અને સોનાના ગાડા ભર્યા ત્યારે એ ગાડાના બળદોના સિંગ કેટલા અંશે વાંકળિયા હતા અને જે જાનવરો પર ખજાનો લાદીને લઈ ગયો એ જાનવરોએ કઈ કઈ જગ્યાએ પેશાબ કર્યો હતો એની ભૌગોલિક સ્થાન સ્થિતિ સુધીનું વર્ણન તમને આવા વેશ્યાના દલાલો ટાઈપના ઈતિહાસકારોના ચોપડાઓમાંથી મળી રહે છે. ભારતની આવનારી પેઢીઓ ક્યો ઈતિહાસ ભણશે એ નક્કી કરનારાઓના હાડકાઓમાં પાણી ભર્યું હતું. એમના મત પ્રમાણે ભારતનો ઈતિહાસ ૧૯૪૭ કે પ્રથમ પાંચવર્ષીય યોજના લાગુ કર્યેથી શરુ થતો હતો.

એનું પરિણામ હોઈ શકે કે આજે પણ દેશમાં ઔરંગઝેબને હીરો તરીકે સ્વીકારતા, માનતા નેતાઓ ચૂંટાઈ આવે છે. કોઈ આક્રાન્તા દેશને છિન્નભિન્ન કરી ગયો હોય, એક ધર્મની આસ્થાને ઘોડાની ખરીઓ તળે રોંદી ગયો હોય, ભાઈઓની કતલ કરીને અને બાપને જેલમાં સડવી મારીને જે ગાદીનશીન થઈ જવાના મૂલ્યો પ્રસ્થાપિત કરી ગયો હોય, જો એ તમારો હીરો હોય, તો સ્વાભાવિક છે કે છત્રપતિ શિવાજી મહારાજ જે પ્રજાના હીરો છે, એ પ્રજાને પણ તમે દુશ્મન તરીકે જોતા હોઈ શકો છો. હવે સમય બદલાયો છે. પ્રતિકારનું લાલઘુમ સ્વરૂપ ફરી રહ્યું છે. તમે થૂંકેલું એ જ જગ્યાએથી ચટાવવા એક પેઢી ઉભી છે, જે સાચો ઈતિહાસ જાણી ચૂકી છે. એક ફિલ્મ કે જેમાં સાચો ઈતિહાસ બતાવીને તમે જેને નાયક માનો છો, તેનું સાચું ચારિત્ર્ય બતાવવામાં આવ્યું એમાં પીડા થઈ ગઈ ? આજદિન સુધી બોલીવુડના ભાંડ કલાકારો તમારી પસંદના ઈતિહાસ પર વિકૃત નાયકોનું મહિમામંડન કરી રહ્યા હતા ત્યાં સુધી બધું સમુસૂતરું હતું.

ક્વિક નોટ -- ×હિંદુસ્તાનના શાહજાદાએ પહેરી હોય તેવી મોતીઓની સુંદર માળાઓ તેના ગળામાં ન હતી. તેના માથા ઉપર પાઘડી ન હતી અને કોઈ સામાન્ય માણસ પહેરે એવી કાશ્મીરી શાલ તેના માથે વિંટાળવામાં આવી હતી.×

×તેમની પાછળ ખુલ્લી તલવારે એક સિપાહી પણ ચાલી રહ્યો હતો. તેઓ જો ભાગવાની કોશિશ કરે તો તેમના માથા ઘડથી અલગ કરી દેવાનો હુકમ હતો.× સલ્તનતના શાહજાદા દારાનું સરઘસ ચીંથરેહાલ હાલતમાં તેના ભાઈએ દિલ્હીની સડકો પર કાઢ્યું.

– નિકોલો મનૂચી – ઈટાલિયન મુસાફર, પોતાની બુક ‘સ્ટોરીયા દો મોગોરમાં દારા શિકોહના દિલ્હી સરઘસ અંગે

■ production@infiniumpharmachem.com

# ઈસ્ત્રી અને સ્ત્રી વચ્ચે શું તફાવત છે ?.

હાસ્યાય નમ:



ડૉ. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) ઈસ્ત્રી અને સ્ત્રી વચ્ચે શું તફાવત છે?.
યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)
હાલોલ અને રે લોલ વચ્ચે હોય એટલો.

(૨) અબ પછતાયે હોત ક્યા ! જબ શાદી કરને કે બાદ તુમ રોય ?
કનુભાઈ લિંબાસિયા ‘કનવર’ (ચિત્તલ)
લે.. અમે તો તમને સુખી માનતા હતા !

(૩) લગ્નમાં મીઠાઈ રાખવાનો રિવાજ પહેલેથી છે ?
પૂજા પ્રભુદાસ ગોંડલીયા (જસદણ)
મીઠાઈ ખાવા મળે એટલે જ લગ્નનો રિવાજ શોધવામાં આવ્યો છે!

(૪) સાહેબ..! તમે પત્ની સાથે બગીચામાં ફરવા ગયા હોય અને અચાનક સામેથી પ્રેમિકા મળી જાય તો તમે શું કરશો ?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
સાવ નિરસ સવાલ છે. હકીકતમાં એમ પૂછવું જોઈએ કે તમે અને પ્રેમિકા ફરવા ગયા હો અને પત્ની સામે મળે તો ?!

(૫) કંપનીના સાહેબ પી.એફ. ના પૈસા ખાઈ જાય તો શું કરવું ?
વિપુલ સારીખડા (અમરેલી)
પૈસા ખાધા વિના હું આવા સવાલનો જવાબ નથી આપતો !

(૬) એકમ કસોટીનો અંત ક્યારે આવશે ?
મુકેશ સોજીત્રા (ઢસા)
નિવૃત્તિના દિવસથી જ !

(૭) આ ચેમ્પિયન્સ ટ્રોફી વિશે શું કહેશો ?
રામભાઈ પટેલ (સુરત)
એ જ કે ભારતે પહેલા પાકિસ્તાનને ફાઈનલમાંથી બહાર કાઢ્યું અને પછી ફાઈનલને પાકિસ્તાનમાંથી બહાર કાઢી !

(૮) સખણું રહેવું એટલે શું ?
દર્શન પટેલ (વડોદરા)
જ્યાં ત્યાં અને જ્યારે ત્યારે ખણવું નહી.

(૯) બારી શું કામ હોય? અંદરથી બહારનું જોવા માટે કે બહારથી અંદરનું જોવા માટે?
જય દવે (ભાવનગર)
બંધ કરવા માટે, જેથી બહારથી અંદરનું ન જોઈ શકાય અને અંદરથી બહારનું ન જોઈ શકાય.

(૧૦) રવિવારે તમને બધા જ વાચકો યાદ કરતા હોય ત્યારે તમને હેડકી આવે છે કે નહિ ?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
હું રવિવારે આખો દિવસ હેડકી બ્લોક કરી દઉં છું અથવા સાઈલેન્ટ મોડમાં મૂકી દઉં છું.

(૧૧) કુદરતે આપણને બે જીભ આપી હોત તો કેવું સારું હોત; જમતા- જમતા સરખી રીતે વાતો તો કરી શકાત?
કનુભાઈ પરમાર (દામનગર)
અમુક પરણેલા પુરુષોને એક જીભ હોય છે એ પણ અર્ધી વપરાયા વિનાની પડી રહે છે.

(૧૨) આપ ધર્મધ્યાન, પૂજા, સત્સંગ કરો છો?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
એના વગર આ કલિયુગ આગળ વધતા અટકી ગયો હશે ?!

(૧૩) તમને કઈ ઋતુ ગમે?
કટારિયા અમિત હિંમતભાઈ (કીડી)
એ વાત પછી, પહેલા એ જાણી લો કે એક પણ ઋતુને હું ગમતો નથી !

(૧૪) તાવડી તેર વાના કેમ માંગે છે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ )
માવડીને ખબર.

(૧૫) શ્રીમતીજીના ગુસ્સાનો ભોગ ક્યારે બનવું પડે છે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
એક ને એક મોજા ભૂલમાં બીજા દિવસે પણ પહેરી લઉં ત્યારે. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# સાવ બેફિકર જિંદગી જીવતા લોકોના પગ ક્યારેક ચમચક્રમાં ફસાઈ જાય છે...!

સમાજમાં બેફિકર સ્વભાવના લોકો કેટલા છે અને કોણ કોણ છે એની પહેલા તો આપણને ખબર ન હતી પણ હવે કોરોનાને કારણે સહુ જાણી ગયા છે કે કોણ બેફિકર છે. એવા લોકો છે કે જેમને કંઈ પડી નથી. પરંતુ કેટલાક લોકો તો ચિંતા છોડવા ચાહે છતાં છોડી શકતા નથી કારણ કે તેમને પોતાની અને પરિવારની ચિંતા છે. એમ કંઈ ચિંતાના પોટલા ઉતારવા સહેલા છે ? કેટલાક લોકો માટે એની જાદુગરી એ હોય છે કે તેઓ કદી પણ ઉપાધિ હાથમાં લેતા નથી. એવી તમામ બાબતોથી પહેલેથી જ દૂર રહે છે જે અકારણ સંકટો ઊભા કરે છે. કોઈ કોઈને એવી ટેવ હોય છે જેને કહે છે ઉઠ પાણા અને પડ પગ પર.

પહેલી નજરે સામાન્ય અથવા પરોપકાર જેવું લાગતું કામ ગળાનો ફંદો બની ગયા હોવાના દ્રષ્ટાન્ત સમાજમાં ઓછા જોવા મળતા નથી. રાજા વિક્રમની વિદાય પછી એમના પરદુઃખભંજક તરીકેના સિંહાસનના દાવેદારો ઘણા છે. પૂરતા સામર્થ્ય વિના ઉપાડેલા કામો કે સેવાના કામો સર્વ સુખ હણી નાંખે છે. પોતાની ક્ષમતાઓ વિશે પ્રામાણિકતા અને પ્રમાણિતતા જરૂરી છે. હોય એનાથી વધુ ક્ષમતાઓ આંકી લેવાથી જહાજ હિમશિલા સાથે અથડાઈ જાય છે. જેમને કોઈ ફિકર નથી તેમણે પ્રથમ એ જાણી લેવું જોઈએ કે તેમના હાથમાં ટાઈટેનિકનું સુકાન તો નથી ને ? હોય છે જ. કંઈ નહિ તો પોતાની જિંદગીની એક સાવ નાનકડી નૌકા તો સહુ હલેસે હલેસે હાંકતા જ હોય છે. ક્યારેક બેફિકર થવાથી એય વમળમાં ફસાઈ શકે છે. વમળને બહુ દૂરથી ઓળખી શકાય તો જ બચી શકાય. એક વાર એના ઘેરાવામાં આવો પછી તો હલેસા કામ ન કરે અને પ્રવાહ જ તમને તાણી જાય. વ્યસનોમાં એમ જ થતું હોય છે. હલેસા કામ લાગતા નથી. લાખોમાં કોઈ એક હોય કે જે પ્રવાહની કે એની તાણની વિરુદ્ધ જઈને કાંઠે પહોંચી શકે. સંસાર એક ભીષણ પ્રવાહ છે.




એમાં સ્વનિર્ણયો તો એક તણખલું માત્ર છે. છતાં જે સાધુ એટલે કે સજ્જન છે એ અવિચલ કદમે એમાં પોતાની ધારેલી જળકેડીએ નૌકા હાંકી શકે છે. એનામાં જ તાકાત હોય છે ફિકરને ધૂમ્રસેર જેમ ઉડાડવાની. પરંતુ આજકાલ આપણને જે બેફિકર લોકો જોવા મળે છે તેઓ તો જાણી જોઈને કૂવામાં પડનારા બેવકૂફો છે. એ કોઈ ફકીર કે સાધુ નથી. કોરોનાના આગમન પછી જરૂરી એવી સાવધાની રાખવામાં મૂળ વાત છે કે મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા. જિંદગીનો સાથ એટલે સમયનો સાદ સાંભળીને એને અનુસરીને ચાલવું ને અનુસરવું અનુકૂળ ન હોય તો કમ સે કમ સમજીને ચાલવું. આ સમજીને ચાલવાની વાત બહુ મોટી વાત છે. એટલું આવડે તો અપમાનનો ભોગ બનવાના અનેક યોગ ટળી જાય છે. ઉપરાંત તમારા વિશે બીજાઓના મનમાં ગેરસમજ થતી તો રહેતી જ હોય છે. એમાં કંઈક ઘટાડો થાય. જિંદગીનો સાથ નિભાવવો એટલે જીવનધારા જે વહે છે એને સન્માનથી જોતાં રહેવું. સમય પ્રમાણે પરિવર્તન કરતા રહેવું. અનેક લોકોને પોતાની જ જિંદગી સામે ફરિયાદ હોય તો તેઓ મુખ્ય ધારાથી બહુ દૂર નીકળી જાય છે.

પ્રાચીન કાળમાં જેઓ જંગલમાં તપ કરતા એમાં લોકો માને છે એવા જપતપ કે યજ્ઞયાગાદિને બદલે સ્વનિરીક્ષણનો લાભ જ એમને વધુ મળતો હશે. કારણ કે ત્યાં પણ જિંદગીનો સાદ સાંભળવો એ જ એમનો ક્રમ હશે. આસન પર જેમ શરીર બેસે છે એમ મનને પણ બેસાડવામાં આવે તો સહેજ જિંદગીનો સાદ સંભળાય. માણસજાત પર સૌથી મોટું જોખમ હઈસો હઈસોનું છે. તે જે લાઈનમાં ઊભો છે એની તેને ખબર નથી કે આ લાઈન શાની છે. જિંદગી અત્યારે એક નવા વળાંકે પહોંચી છે. એને છેડે એને શું મળશે એની જેને ખબર છે એણે તો ક્યારનોય સંસાર છોડી દીધો હોય છે. જેને ખબર નથી કે સરવાળાનો સરવાળો તો શૂન્ય છે, એ પણ એમ માનીને જ ગણતરી કરે છે કે કદાચ મારે શૂન્ય નહિ હોય. યુધિષ્ઠિરે યક્ષને આપેલો જવાબ એ જ છે કે બીજાઓને અંતિમ પરિણામ પ્રાપ્ત કરતા નજરોનજર જોયા પછી પણ દરેક મનુષ્ય એમ માને છે કે કે મને તો મારું ધારેલું પરિણામ અને કંઈક અધિક સારું જ મળશે. હજાર દાખલા આપવાથી વાત ગળે ઉતરે એ કોષ્ટક માણસજાતમાં ચાલતું નથી. દરેક ખોટી ટેવના માઠાં પરિણામો સહુ જાણે છે અને છતાંય ખોટી ટેવો તેઓને વહાલી છે. એવા કિસ્સામાં કોઈ ફિકરને ફાકી કરવા જતા ખુદ ધૂમાડો થઈને ઉડી જતાં જોઈએ છીએ. ઉપાધિઓને માથેથી ઉતાર્યે કંઈ ઉતરે નહિ. આરંભબિંદુ શુદ્ધ હોવા પર ઘણો આધાર છે. અધ્યાત્મમાં અનારંભનો મહિમા છે. પરંતુ તે માત્ર કાલ્પનિક આદર્શ છે. જીવ માત્ર જે દેહ ધારણ કરે છે એ અનેક આરંભોમાં સંડોવાઈ જાય છે. એક પછી એક સર્વ આરંભોનો કંઈ ઉત્તરાવસ્થાએ અંત આવતો નથી. દરેક આરંભ લટકતા અને આધે-અધૂરે હોવામાં જ ઢળે છે. જેમ અંધારઘેરી રાતે વડલા પર ઊંધે માથે ચામાચીડિયાઓ લટકતા હોય એમ જ સર્વ આરંભ લટકે છે. કર્મ સંબંધિત આત્મજ્ઞાન અને વ્યાવહારિક દક્ષતા હોય તેઓ આ લટકવાની અવદશામાંથી પોતાના વિવિધ આરંભને ઉગારી લે છે, કાં તો તેઓ આરંભને જ અટકાવે છે અથવા પોતે પૂરા થાય એ પહેલા એ આરંભનો અંત લાવી દે છે. આ જ મુક્તિ છે. કોઈ પણ વ્યક્તિ પોતાના પાછલા પાંચ વરસની પ્રવૃત્તિનું આકલન કરે તો એને ખ્યાલ આવે કે આગલા પાંચ વરસમાં એવરેજ જિંદગી કઈ તરફ પ્રવાહિત થશે. થોડો અણસાર આવી જાય છે. તકલીફ ત્યારે થાય છે જ્યારે આપણી પાછલી એવરેજ રેતીમાં આળોટવાની હોય અને આપણે આગલા હવે પછીના વરસોમાં ગુલાબની મહેક ચાહતા હોઈએ. સ્વપ્ન અને વાસ્તવ વચ્ચેની અસમતોલ હયાતીમાં તણાઈને તૂટી જનારા લોકો છે. એમને સૌથી વધુ ફિકર સતાવે છે. નકશો હાથમાં ભૂલભરેલો હોય તો પછી તો આપણને કોઈ જુગજુના ભોમિયા અસલી મારગડે મોકલી શકે. એવા ભોમિયા ન મળે ત્યાં સુધી ભટકાવ રહે છે. એ ભટકાવને જો જિંદગીના એક રંગ તરીકે સ્વીકારો તો પછી ભોમિયાની શી તમા...? ■

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

**માણસજાત પર સૌથી મોટું જોખમ હઈસો હઈસોનું છે. તે જે લાઈનમાં ઊભો છે એની તેને ખબર નથી કે આ લાઈન શાની છે...?**

# આંખોમાં ભર્યા સપનાં, હવે એ શા ખપના ?

"નેહલ નામ છે એનું ! નેહલ અગ્નિગોહત્રી ટી.વાય. બી. કોમમાં ભણે છે. તેનાં ઘરમાં લાલ એક્ટિવા પડયું હતું એટલે આઈ થિન્ક, કોલેજમાં એ લાલ એક્ટિવા લઈને જ આવતી હશે. મને ગમી ગઈ છે. વેવિશાળ પણ થઈ ગયુ છે. પણ તું જરા તારી રીતે તપાસ કરી લેજે કે, મેં જે છોકરીને પસંદ કરી છે એ કંચન છે કે પછી કથીર ?''



એક સમયના જીગરજાન દોસ્તાર અને ગામડામાં નાનેથી સાથે મોટા થયા પછી, સુકેતુના પપ્પાની બદલી શહેરમાં થઈ જતા, ગામડે રહીને બાપદાદાનો લાખોનો કારોબાર સંભાળતા અજયે તેને આ એક કામ સોપ્યું હતું. તેનો વોટસએપ મેસેજ આવ્યો હતો અને ફોન પણ આવ્યો હતો. એક જ સંકુલમાં ગ્રેજયુએશન, પોસ્ટ ગ્રેજયુએશન, એન્જિનિયરીંગ અને ફાર્મસીની કોલેજ હતી. એક જ ટ્રસ્ટના વિશાળ સંકુલમાં આટલી બધી છોકરીઓ ભણતી હતી એમાંથી કોમર્સ કોલેજના ટી.વાય. ના કલાસમાં ભણતી નેહલને શોધવાની હતી પણ ઈલેકટ્રિક એન્જિનિયરીંગનું ભણતા સુકેતુએ છેડો શોધી લીધો હતો કે, એ છોકરી લાલ એક્ટિવા જ લઈને આવતી હતી. હવે માત્ર લાલ એક્ટિવા જ શોધવાનું હતું.

બીજે દિવસે મેઈન ગેટ પાસે ઊભો રહી ગયો. શાર્પ આઠમાં દસ મિનિટે એક લાલ કલરનું એક્ટિવા આવ્યું. તો સુકેતુ એક્ટિવા સવાર કન્યાને જોઈને જ શોક્ડ થઈ ગયો. આ કંચન જ નહોતું પણ કામિની હતી. બગલી નહોતી પણ બાગનું બૂલબૂલ હતું. હીરો નહોતો પણ હારલો હતી. પાંચ ફીટની ઊંચાઈમાં પાંસઠ કિલોનું દાણાદાર માંસ ભર્યું હતું એ માંસ તંગ વસ્ત્રોમાંથી ડોકાઈ રહ્યું હતું. ભર્યા ભર્યા દેહવૈભવમાં અરવલ્લીની ટેકરીઓ જેવા જીવલેણ ઢાળ ઢોળાવ હતા. સફરજનના માવા જેવા ભરાવદાર ગાલ હતા અને ચાર તારની ચાસણી જેવી માદકતા રૂંવે રૂંવે ટપકી રહી હતી. એક્ટિવા સવાર રૂપસુંદરીને આવતી જોઈને સુકેતુ સ્થળકાળ જાણે ભૂલી ગયો પણ એ કન્યાને ખબર પડી ગઈ હતી કે એક હેન્ડસમ પોતાને જોઈને ચત્તોપાટ થઈ ગયો છે. એને મન તો પંદર-વીસ દિવસે બનતા આવા "કેસ"ની નવાઈ નહોતી. આટલું મોટુ સંકુલ અને આટલી બધી કેટેગરીના છોકરાઓ. કયારેકને કયારેક તો એકાદો છોકરો તેને જોઈને કિલનબોલ્ડ થઈ જ જતો હતો. રસ્તા વચ્ચે જ ઊભા રહી ગયેલા સુકેતુને જોઈને તેની સામે તીખી નજરે મીટ માંડીને હોર્ન વગાડી રહી હતી : "એય મિસ્ટર, આઘા હટો નહીંતર કોઈ પછાડીને જતું રહેશે !! ''

"ઓહ'' સુકેતુએ ઝબકીને જગ્યા કરી આપી એટલે બાજુમાં જ ગાડી પાર્ક કરીને પદમણી જેવી ચાલે ચાલી જતી નેહલને રોકીને મીઠું હસીને સુકેતુએ હાથ લંબાવ્યો : "માય સેલ્ફ સુકેતુ ત્રિવેદી, હું કદાચ ભૂલતો ન હોઉ તો આપ જ નેહલ અગ્નિહોત્રી !''

"હમ્મ... નેહલ... પણ આપને શું યાદ કરવું પડયું વળી ? એવી તો કોઈ વાત બની જ નથી..'' તેણે ધારદાર અવાજે પૂછયું : "મીન્સ કે યુ આર સ્કોલર સ્ટુડન્ટ ઈન યોર કલાસ. માય કઝીન રિયા... રિયા સેઈડ ટુ મિ ધેટ તમે ભણવામાં ખૂબ હોશિયાર છો. એન્ડ યુ સી તેણે જુઠ્ઠાણુ ચલાવ્યું : હું પણ ટી.વાય. બી.કોમમાં જ છું સામેની કોલેજમાં તો મારે આપની બૂકસ ''

"મને હિસાબ કિતાબ મોઢે જ હોય છે. રફબુક ઈજ ઓલ.''

બીજે દિવસે નેહલને એક્ટિવા લઈને ચાલીને આવતા જોઈ. તેણે કારને સ્હેજ આગળ ઊભી રાખી અને કારમાંથી નીચે ઉતર્યો તો અડધો કિલોમીટરથી એક્ટિવા લઈને ચાલી આવતી નેહલના ચહેરા પર પરસેવાના રેલા ચાલતા હતા.આજે સુકેતુએ હકથી તેની આડે ફરીને નેહલના હાથમાંથી ગાડી છોડાવી લેતા કહ્યું : "પ્લીઝ, કોઈ ગલતફહેમી ન ધારશો પણ તમે થાકી ગયા છો. પ્લીઝ તમે મારી કારમાં બેસો. અહીંથી સામે દેખાય તે ચોકમાં જમણા વળાંકે જ મારા મિત્ર સલીમનું ગેરેજ છે. તમારી ગાડી હું ત્યાં મૂકી દઉં છું, તમને દસ પંદર મિનિટમાં જ પંચર કરી આપશે.'' નેહલ કંઈક કૂંણી પડી : તેણે કહ્યું કે પણ આજે મારે યુનિટ ટેસ્ટ છે અને વીસ મિનિટમાં તો પહોંચવું પડે એમ છે.''

"ડોન્ટ વરી, હું છું ને ? મારેય પણ આજે ટેસ્ટ છે.!'' અત્યારે તમે ડીકીમાંથી તમારૂં પર્સ કે જે કંઈ લેવું હોય એ લઈ લો પછીની વાત પછી.''

નેહલે તેનું પર્સ અને નોટબુક્સ લઈ લીધી. સુકેતુ દોડતો ગયો અને દોડતો આવ્યો. પંદર મિનિટમાં તો તેઓ કોલેજના દરવાજે હતા. કારમાંથી ઉતરતા ઉતરતા નેહલે પોતાની ભાવુક આંખો સુકેતુ સામે માંડી 'થેન્કસ' કહ્યું. સુકેતુએ તેને કહ્યું : " વળતા જયારે છુટો ત્યારે મને કોલ કરજો. આ મારૂં કાર્ડ છે, હું ગેરેજ સુધી તમને મૂકી જઈશ !!'' "થેન્કસ સુકેતુ...'' ગેરેજ સુધી નેહલને કારમાં બેસાડીને સુકેતુ લાવ્યો ત્યારે નેહલે આભારવશ થઈ જતા કહ્યું : "નહિંતર આજ મારી પચાસ માર્કસની યુનિટ ટેસ્ટ છૂટી જાત, એ સેમિસ્ટરમાં પૂરતા માર્કસ મળત નહી.'', "ઈટ્સ માય પ્લેઝર'' કહી સુકેતુએ હસીને ગાડી મારી મૂકી. એ પછીનાં બે-ત્રણ દિવસો સુધી નેહલ જોવા ન મળી, સુકેતુ હવે તેના ઈન્તઝારમાં ઝુરવા લાગ્યો. ચોથે દિવસે ન રહેવાતા તે શોધતો શોધતો તેના ઘર તરફ ગયો તો એક્ટિવા લઈને નેહલ જ સામી મળી. સુકેતુને જોઈને તેણે એક્ટિવા ઊભુ રાખી દીધું, પણ આજે નેહલના ચહેરા પર ચિંતા અને ઉલઝનના ભાવે ઉમટેલા હતા. નેહલે આશ્ચર્યચકિત થઈ સુકેતુને પૂછયું : "તમે ? આ તરફ તમે ?'' જવાબમાં સુકેતુએ કહ્યું : "મારા એક ફ્રેન્ડને ત્યાં જતો હતો પણ તમે ?'' ઘડીક અટકીને બોલ્યો : "તમે તો હમણાં કોલેજમાંય નથી દેખાયા અને તમારા ચહેરા ઉપર તો કેટલો બધો સ્ટ્રેસ છે !!'' "પપ્પા બિમાર છે. ડો. કાબરીયાને ત્યાં એડિમટ છે!!'' "ઓહ નો. શું થયું ?'' "પેરેલિસીસ'' નેહલે ચિંતાથી જવાબ વાળ્યો કે સુકેતુએ કહ્યું : "ચાલો, હુંય આવુ છું ડો. કાબરીયા મારા પપ્પાના ફ્રેન્ડ છે. ભલામણ કરી દઈશ !!'' અને પછી સતત ત્રણ દિવસ સુધી સુકેતુ નેહલની સાથે જ રહ્યો. તેના પપ્પા પણ આભારવશ થઈ ગયા. સુકેતુ હવે નેહલ તરફ ધીમે ધીમે ઢળી રહ્યો હતો. નેહલ હવે સુકેતુ પ્રત્યે ધીમે ધીમે ખુલી રહી હતી. બન્ને કોફી હાઉસમાં કોફી પીવા જતા. હવે નેહલ પોતાના ઘેર પણ કયારેક કયારેક બોલાવતી, એકવાર સુકેતુએ નેહલને સાથે પિકચર જોવા ઓફર કરી અને એ પણ સાંજના સાતથી દસના શોમાં આવવા માટે ! ત્યારે નેહલે કંઈક ખચકાતા ખચકાતા ઈન્કાર કર્યો, "પ્લીઝ, સુકેતુ સોરી...'' "તને મારો ડર લાગે છે ? હું એવો માણસ છું ? હું તને છેક ઘેર સુધી મૂકી જઈશ... પણ એકવાર- '' "સારૂં બસ ?'' અંતે નેહલ તૈયાર થઈ, પિકચર માત્ર પિકચર નહોતું પણ રોમાન્સનું વાવોઝોડું હતું. અંધારૂ થયું અને ધીમે ધીમે સુકેતુએ પોતાનો હાથ આગળ વધાર્યો. નેહલના હાથ હાથમાં લીધા કે નેહલે પોતાના હાથ પાછાં ખેંચી લીધા. સુકેતુ પડદા ઉપર ભજવાતા હીરો હીરોઈનના પ્રણય દ્રશ્યોથી ભીંજાવા લાગ્યા. તેણે નેહલના હાથ ફરીવાર હાથમાં લીધા કે નેહલે " સોરી, સુકેતુ... પ્લીઝ છોડને યાર.'' કરતી કાકલૂદી કરી પણ પ્રેમનો પરવાનો હવે સુકેતુ ઉપર સવાર થઈ ચૂક્યો હતો. તેણે હાથ પકડી રાખ્યા કે નેહલે આંચકો મારીને પાછા લઈ લીધા. ત્યારે આમને આમજ પિકચર પુરૂ થયું. બહાર નીકળ્યા ત્યારે વરસાદ ચાલુ થઈ ગયો હતો. રાત્રીના દસ થવા આવ્યા હતા. વીજળી ચમકતી હતી "હવે ? ઘરે કેમ પહોંચશું ?'' નેહલ ડરી ગઈ કે સુકેતુએ તેને કહ્યું : "હું તને કારમાં મૂકી જાઉ છું.'' વરસતા વરસાદમાં રસ્તામાં એક સૂમસામ જગ્યાએ કાર રોકીને, સુકેતુએ નેહલનો હાથ હાથમાં લઈ લીધો. નેહલે હાથમાં પહેરેલી વિંટી સુકેતુને બતાવતા કહ્યું : "આ મારી સગાઈની જ વીંટી છે. મારા જીવનમાં 'અજય' નામે એક પુરૂષ પ્રવેશી ચૂકયો છે. મેં તેના નામની ચૂંદડી ઓઢી લીધી છે અને એ ચૂંદડી, મારા માતા - પિતાની આબરૂ પણ છે. પણ તું એક પ્રેમાળ દોસ્ત તરીકે કાયમ યાદ રહીશ !! ''

વીજળીના ચમકારામાં એ વીંટીનું મોતી ચમકી રહ્યું હતું. ઘરે પહોંચીને સુકેતુએ અજયને ફોન કર્યો : " દોસ્ત, તપાસમાં ને તપાસમાં મોડુ તો ઘણુ થયું છે પણ ભાભી તે પહેરાવેલી સગાઈની વીંટી જેવું ચોવીસ કેરેટનું સોનું છે !!'' વળતા સવાલે અજયે હસીને મેરેજની ડેટ ફિક્સ કરી હોવાનું જણાવીને મેરેજમાં આવવાનું કહ્યું ત્યારે સુકેતુએ હસીને જવાબ વાળ્યો : " મને જોઈને એમને બધી ખબર પડી જાય તેની કરતા તમારી વચ્ચે વિશ્વાસ ટકી રહે એ મહત્વનું છે !!'' અને પછી ફોન કટ કરીને મનમાં જ બબડયો : "મારી જ નજર સામે મારી જ જિંદગીના પહેલાં જ પ્રેમને તારી સાથે ચાર ફેરા ફરતા જોઈ શકું એટલી હિંમત હવે મારામાં નથી રહી દોસ્ત, મને માફ કરજે !!'' (સમાપ્ત) ■

વાર્તા વિશ્વ
યોગેશ પંડયા

# "દામલ, દામલ... હું પ્રેગનન્ટ છું..."



જ્યોતિએ ભલે કહ્યું કે દામલ આમાં તારે ચિંતા કરવાની, ઉપાધિ કરવાની જરાય જરૂર નથી, સમજ્યો ? હું છું ને..., એકલી જ બસ છું. પરંતુ દામલને તો ભારોભાર ખૂબ જ ચિંતા થઈ રહી હતી. જ્યોતિ તેના ગામ ગઈ એ પછી તો દામલની ઊંઘ જ હરામ થઈ ગઈ હતી. જો તેના પેટમાં સાચે જ ગર્ભ હોય તો પછી શું કરવું ? લગ્ન પહેલા આવા અધમ કામ કરવા માટે દામલ અત્યારે તેની પોતાની જાતને ખૂબ ખૂબ ધિક્કારી રહ્યો, પણ હવે તે શું કરે ? આમ મૂંઝવણમાં ને મૂંઝવણમાં બે - ત્રણ રાત તો તેણે માંડ માંડ પસાર કરી, એક એક દિવસ અને એક એક રાત તેણે કેમ કાઢી તે તો તેનું મન જ જાણતું હતું.

સોમવારે સવારે દસ વાગે જ્યોતિ કમળાપુરમાં આવીને જયારે તેણે ડેલીમાં પગ મૂક્યો ત્યારે દામલે તેને જોઈ તો તેનો ચહેરો જાણે વસંતની જેમ ભર્યો ભર્યો અને પુરબહારમાં ખીલેલો જોયો. હા, તેના ચહેરાની આસપાસ કંઈક વિચિત્ર આભા પણ ચમકતી હોય તેવું દામલને દેખાયું હતું. એટલે તો તેને હવે શાંતિ થઈ હતી કે, પોતે જે ચિંતા કરતો હતો તેવું કશું જ હશે નહીં, રિપોર્ટ સાવ નોર્મલ જ હશે. આમ, દામલે મનમાં ને મનમાં આવું ધારી કે માની લીધું હતું.

પરંતુ...

શાળાએ જતાં રસ્તામાં ચાલતા ચાલતા, દામલે તો કંઈપણ પૂછયું પણ ન હતું છતાં જ્યોતિએ જ તેનું મોઢું પહોળું કરી, ઉમળકા સાથે અનેરા ભાવથી ભર્યું ભર્યું સ્મિત રેલાવીને કહી જ દીધું :

"દામલ, દામલ... હું પ્રેગનન્ટ છું...''

અને જ્યોતિના મુખેથી બોલાયેલા આ શબ્દો સાંભળતાની સાથે તો દામલ માથે જાણે કે પહાડ તૂટી પડયો, ઘડીભર તો તેને બધું જ જાણે ચક્કર ચક્કર ફરવા લાગ્યું. ચાલતા ચાલતા એ જેમ હતો અને જ્યાં હતો, એમ ત્યાં મૂર્તિની જેમ સજ્જડ ઊભો રહી ગયો, તેના પગ ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગયા. અચાનક આવું થતા જ્યોતિ પણ ખચકાઈને ઊભી રહી. દામલના ચહેરા સામે આંખો ફાડીને બસ તે તો જોતી જ રહી. કારણ કે આ સમયે જ્યોતિએ જોયું તો દામલનો ચહેરો હવે રડુ રડુ થઈ રહ્યો હતો. ત્યાં તો ગળચવા ગળતાં ધ્રુજતાં ધ્રુજતાં દામલ માંડ માંડ એટલું જ બોલ્યો : "જ્યોતિ..., હવે શું થશે ?''

" થાય શું ? જો દામલ, તને મેં આવો ધાર્યો નહોતો. મરદ જેવો મરદ માણસ થઈને આટલો બધો પોચકો ? તું ચિંતા શું કામ કરે છે ? તારા પેટને કંઈ તકલીફ નથી થવાની. વાત રહી મારા પેટની. મારી સામે જો હું તો છોકરીની જાત હોવા છતાં પણ કેટલી બધી ખુશ છું મને તો જરાપણ ચિંતા નથી થતી. હા, મારા શરીર સાથે મોજ - મસ્તી અને આનંદ કરવો તો તને ખૂબ જ ગમે છે, સાચું ને ? તો પછી એવી મેળવેલી મજા દ્વારા ઉત્પન્ન થતી પરિસ્થિતિને પણ બે હાથ ફેલાવીને આવકારવી પડે, ગમાડવી પડે. આમ... મારી સામે જો, ચિંતા કરવાથી ચિંતામાં હંમેશાં વધારો જ થાય છે અને ખુશ રહેવાથી ખુશીમાં વધારો થાય છે. ચાલ, તારી સઘળી ચિંતા મને અત્યારે જ આપી દે, દામલ ! સમયને આવવા દે, સૌ સારાવાના થઈ રહેશે...'' સાંત્વન આપતાં જ્યોતિ આવું બોલી.

આમ....

હવે તો કંઈક અલગ પ્રકારના ઉચાટ સાથે એક પછી એક એમ દિવસો પસાર થતા રહ્યા. વળી દોઢેક મહિના પછી જ્યોતિ તેના ઘરે બે - ત્રણ દિવસ માટે જતી રહી. પાછી આવી અને ફરી આમ જ દિવસો પસાર થવા લાગ્યા. આમ અને આવી રીતે આ વાતને પાંચ મહિના પૂરા થયા.

પાંચ મહિના થયા એટલે હવે તો જ્યોતિનું પેટ રીતસર થોડું બહાર દેખાવા લાગ્યું હતું. દિવસે દિવસે વધતી જતી આવી પરિસ્થિતિ જોઈને દામલ અંદરથી ખૂબ ખૂબ મૂંઝાયો. એ તો જ્યોતિનું પેટ જોતો ને ફફડતો હતો. તેની ચિંતા ઘટવાને બદલે હવે તો ખૂબ જ વધી રહી હતી. પરંતુ આટલું બધું થવા છતાં જ્યોતિમાં થોડો અમસ્તો પણ ફેર ન પડયો. એ તો પહેલાંની જેમ જ આનંદમાં રહેતી હતી, મોજથી રહેતી હતી. લાગતું હતું કે, તેને તેના પેટની કે પછી સમાજની જાણે જરાપણ ચિંતા ન હતી.

હવે દામલને મનમાં ને મનમાં થયું તો ખરૂં કે, આ છોકરીને કેવી ગણવી ? આવી વિકટ પરિસ્થિતિમાં જો કોઈનું બાળક પેટમાં રહી જાય, આવી જાણ થઈ જાય તો બીજી કોઈ છોકરી હોય તો તે નક્કી કૂવો જ પૂરે, અથવા તો ઝેરી ટીકડા ખાઈ લે, સળગી મરે, છેવટે આપઘાત તો કરી જ લે. પરંતુ આ જ્યોતિ તો આવા ભારે દિવસોમાં પણ ખૂબ જ વિચિત્ર થતી જતી હોય તેમ લાગતું હતું. (ક્રમશઃ) ■

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# સુરતમાં લેણદારોના ત્રાસથી પરિવારનો સામૂહિક આપઘાત, ત્રણના મોત

સુરત, તા.૦૮



છેલ્લા કેટલાક સમયથી સુરત શહેર આપઘાતોનું શહેર બની રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનામાં પરિવાર સામૂહિક આપઘાત કરે તેવા કિસ્સા સુરતમાં વધી રહ્યાં છે. ત્યારે સુરતમાં ફરી એકવાર સામૂહિક આપઘાતનો કિસ્સો બન્યો છે. સુરતમાં અમરોલી વિસ્તારમાં પરિવારે સામૂહિક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. ૩૦ વર્ષીય પુત્રએ માતાપિતા સાથે આપઘાત કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના અમરોલી રોડ પર આવેલ એન્ટેલિયા ફ્લેટની આ ઘટના છે. આર્થિક સંકડામણને કારણે એક પરિવારે આવું પગલું ભર્યું હતું. ૫૦ વર્ષીય માતા-પિતા અને ૩૦ વર્ષીય પુત્રએ દવા પી મોત વ્હાલું કર્યું હતું. ઘટનાની જાણ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. અમરોલી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. ઘરમાંથી સ્યૂસાઈડ નોટ પણ મળી આવી છે. પુત્ર બેંક લોનનું કામ કરતો હતો અને દેવું થયું હતું. લેણદારો હેરાન કરતા હતા, જેથી આખા પરિવારે આપઘાત કર્યો.

# ચેમ્પિયન્સ ટ્રોફી ફાઇનલ: બંને ટીમો જીતવા માટે જાનની બાજી લગાવશે

(એચ.એસ.એલ),દુબઈ,તા.૮





ભારતીય ક્રિકેટ ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ ના ખિતાબથી માત્ર એક જીત દૂર છે. ટુર્નામેન્ટની ફાઈનલમાં, ટીમ ઈન્ડિયા ૯ માર્ચે દુબઈમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે, જ્યાં બંને ટીમોનો ઉદ્દેશ્ય કોઈપણ કિંમતે ટ્રોફી જીતવાનો રહેશે. આ ફાઈનલ મેચમાં, બધાની નજર વિરાટ કોહલી પર રહેશે, જે ટુર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં છે અને સતત બેટથી યોગદાન આપી રહ્યો છે. આ જ કારણ છે કે તે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં સૌથી વધુ રન બનાવવાના મામલે ચોથા સ્થાને છે. તેણે અત્યાર સુધીમાં ૪ મેચ રમી છે અને ૧ સદી અને ૧ અડધી સદીની મદદથી ૨૧૭ રન બનાવ્યા છે. કોહલી હવે ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવવાના પ્રભાવશાળી રેકોર્ડનું લક્ષ્ય રાખશે. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં વિરાટ કોહલી સચિન તેંડુલકરનો મોટો રેકોર્ડ તોડવા પર પણ નજર રાખશે. જો કોહલી ૧૨૮ રન બનાવી લે છે, તો તે સચિન તેંડુલકરને પાછળ છોડીને આઈસીસી વનડે ઈવેન્ટ્સની નોકઆઉટ મેચોમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટ્સમેન બની જશે.

# મહારાષ્ટ્રમાં લડકી બહેન યોજના ચાલુ રહેશે : ફડણવીસ

મુંબઈ,તા.૦૮



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પુનરોચ્ચાર કર્યો કે લડકી બહેન યોજના ચાલુ રહેશે. વિધાનસભામાં રજૂ કરાયેલા સરકારના પ્રી-બજેટ આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં લડકી બહેન યોજનાના ૨.૩૮ કરોડ મહિલા લાભાર્થીઓના બેંક ખાતામાં ૧૭,૫૦૫.૯૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. પાછલી એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારની મુખ્ય યોજના, 'મુખ્યમંત્રી માઝી લડકી બહિન યોજના', ગયા વર્ષે ઓગસ્ટમાં ઔપચારિક રીતે શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, પાત્ર મહિલાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા દર મહિને ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય મળે છે.

# ખેડામાં કપડવંજ આતરસુંબા માર્ગ પર ટ્રેલર અને રીક્ષા વચ્ચે અકસ્માતમાં ૨ લોકોનાં મોત

અમદાવાદ,તા.૦૮







**ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે કપડવંજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા**

રાજ્યમાં અકસ્માતોની બે ગંભીર ઘટના ઘટી હતી. જેમાં ગતરાત્રિના રોજ બે અકસ્માત થયા હતા. જેમાં ખેડા ખાતે કપડવંજ આતરસુંબા માર્ગ પર અકસ્માત સર્જાયો હતો. જેમાં જલોયા તળાવ પાસે ટ્રેલર અને રીક્ષા વચ્ચે અકસ્માતની ઘટના ઘટી હતી. આ ઘટનામાં રિક્ષામાં ૩ લોકો સવાર હતા ત્યારે ટ્રેલર સાથે અથડાવાના કારણે ૨ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ ઘટનામાં ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે કપડવંજ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતને લઈ આતરસુંબા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલ બે લોકો કપડવંજના ભીમપુરા ગામના રહીશો હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોને પોસ્ટમોર્ટમ અર્થે આતરસુંબા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લવાયા હતા.

# દિલ્હીમાં મહિલા સમૃદ્ધિ યોજના શરૂ: દર મહિને રૂ.૨૫૦૦ ભથ્થુ મળશે

નવીદિલ્હી,તા.૦૮



દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ચૂંટણી વચનોમાંનું એક, દિલ્હી મહિલા સમૃદ્ધિ યોજના, શનિવારે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, દિલ્હીના આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓને માસિક ૨,૫૦૦ રૂપિયાનું ભથ્થું મળશે. અરજી પ્રક્રિયા ૮ માર્ચે યોજનાના લોન્ચ સાથે શરૂ થશે. સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે મેં અહીં બેઠેલી આ બધી બહેનોના ચહેરા પર ખુશી જોઈ છે. જાહેરાત થઈ તે દિવસથી દેશભરમાંથી અમને સંદેશાઓ મળી રહ્યા છે. તેમણે કહ્યું કે મહિલા દિવસે બહેનો માટે આનાથી મોટું સન્માન બીજું કોઈ હોઈ શકે નહીં.

# અમરેલી જિલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલતનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા.૦૮

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા તા. ૦૮-૦૩ ને શનિવારના રોજ ન્યાય મંદિર, અમરેલી તથા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશનલ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના અધ્યક્ષ રીઝવાના બુખારીનાં વડપણ તથા માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. આ નેશનલ લોક અદાલતમાં કુલ ૩૦૧૨ કેસો ફેસલ થયેલા, જેમાં ૧૦૫૫ પ્રિલીટીગેશનના કેસો પણ ફેસલ થયા હતા તેમજ પ્રિલીટીગેશનમાં રૂા. ૫૭,૦૦,૦૦૪/- ની જે તે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી. લોક અદાલતમાં વીમા કલેઈમના કેસો તથા બીજા કેસો મળી રૂા. ૯,૮૪,૮૩,૩૧૪/- ની રકમનું નોંધપાત્ર ચુકવણું થયેલ હતું. આ લોક અદાલતમાં ગુજરાત હાઈકોર્ટનાં માર્ગદર્શન હેઠળ જુના કેસોનો સમાધાનથી નિકાલ લાવવાની ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. જિલ્લામાં દસ વર્ષ જુના કેસોનો લોક અદાલતમાં નિકાલ લાવવામાં આવ્યો છે. આ લોક અદાલતને સફળ બનાવવા જજ રીઝવાના બુખારી, સેક્રેટરી આર.વાય. ત્રિવેદી તથા અમરેલી જિલ્લાનાં તમામ જયુડીશીયલ ઓફિસરો તથા કોર્ટ સ્ટાફે ખુબ જહેમત ઉઠાવેલ હતી.

# આગામી બે દિવસ કચ્છ અને રાજકોટમાં ગરમીની ચેતવણી સાથે યેલો અલર્ટ

અમદાવાદ, તા.૦૮

ગુજરાતીઓ માટે હવેના દિવસો આકરા બની રહ્યાં છે. માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીમાં શેકાવા તૈયાર થઈ જાઓ. હવામાન વિભાગની નવી આગાહી આવી ગઈ છે. ગરમીને લઈ હવામાન વિભાગનું એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે ગુજરાતમાં ઉષ્ણ લહેરની ચેતવણી આપી છે. આગામી બે દિવસ કચ્છ અને રાજકોટમાં ઉષ્ણ લહેરની ચેતવણી સાથે યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. તો દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહેવાની શક્યતા છે. બે દિવસ બાદ કચ્છ, બનાસકાંઠા, રાજકોટ, અમરેલી અને ભાવનગરમાં યેલો એલર્ટ રહેશે. ૧૨ માર્ચ સુધી ઉષ્ણ લહેરની ચેતવણી છે. ફરી પવનની દિશા બદલાઈને ઉત્તરપશ્ચિમ થઈ છે. આને કારણે ઠંડા પવનનું જોર ઘટ્યું છે. એન્ટિસાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમની અસરથી હવે ગરમ પવન ફૂંકાવાનું શરૂ થશે.

# કોડીનાર અને તાલાલા સુગર મિલોનો પુનરુધ્ધાર અને આધુનિકીકરણ કાર્યનું ભૂમિપૂજન કરતા અમિત શાહ

ગીર સોમનાથ,તા.૦૮



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૦૮થી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આ પ્રવાસ દરમ્યાન શાહ જૂનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સોમનાથ દાદાના આશીર્વાદ લઈને કોડીનાર પહોંચ્યા હતા, જ્યાં તેમણે સુગર મિલના મેદાનમાં તાલાલા અને કોડીનાર સુગર મિલોના પુનરુદ્ધાર અને આધુનિકીકરણ કાર્યનું ભૂમિપૂજન કર્યું હતું. કોડીનાર સુગર મિલ પરિસર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સાથે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, દિલીપભાઈ સંઘાણી અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરની મેડિકલ કોલેજમાં રેગિંગ, જુનિયર્સનું અપહરણ કરીને સિનિયર્સે ગાંજા માટે ૧ લાખ માંગ્યા

ભાવનગર,તા.૦૮

શહેરની ગવર્મેન્ટ મેડિકલ કોલેજના ૨ જુનિયર ડૉક્ટરોનું તા.૬ માર્ચની રાત્રીના ૧૦.૩૦ કલાકે ૨ સિનિયર ડોક્ટર, ૪ સાથી ડોકટરો તેમજ ૨ અન્ય લોકોએ અપહરણ કરી શારીરિક અને માનસિક યાતના આપી ૫ કલાક સુધી ઢોર માર માર્યો હતો. જેના બાદ ફરી મેડિકલ કોલેજની હોસ્ટેલમાં લાવી વધુ એક જુનિયર ડોકટરને તેના રૂમમાંથી ઉઠાવી લાવી ત્રણેય ડોકટરોને એક રૂમમાં રાખી માર મારવાની ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. ભારે યાતનાનો ભોગ બનેલા ત્રણેય જુનિયર ડોકટરોને ગત રાત્રિના એટલે કે ૭ તારીખે સારવાર માટે આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે પણ આ ઘટનામાં ત્રણેય ડોકટરોની ફરિયાદ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં તૈયાર થઈ રહેલા ૩ ભાવિ જુનિયર ડોકટરોનું તેના જ સિનિયર અને સાથી ડોક્ટરો દ્વારા અપહરણ અને રેગીંગ કરી ૫ કલાક સુધી ઢોર માર મારવાની ઘટના સામે આવી છે.

# ગીરગઢડાના કાકેડી મોલીમાં સિંહણના હુમલામાં મૃતકના પરિવારજનોને રૂ.૧૦ લાખની સહાય ચૂકવાઈ

ઉના, તા.૦૮



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ગીરગઢડા તાલુકાના કાકેડી મોલી ગામની સીમ વાડી વિસ્તારમાં સિંહણે હુમલા કરતા દુઃખદ ઘટના બની હતી. આ ઘટના બનતા ઉના ગીરગઢડા તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ (કે.સી. રાઠોડ) ની સૂચના મુજબ તાત્કાલિક ઘટના સ્થળ પર ગીરગઢડા પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા અને ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયાને જાણ કરતા ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની સૂચના મુજબ સતત તંત્ર સાથે ફોલોઅપ લઈ અને તા.૦૮ના રોજ ફોરેસ્ટ વિભાગ દ્વારા મૃતક સ્વ. મંગાભાઈ બારૈયાના પરિવારને રૂ.૧૦ લાખની રકમ સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, ACF ચાવડા - શેત્રુંજી અને RFO વાઘેલા- જાફરાબાદ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ઓલવાણમાં ખનીજ વિભાગના દરોડામાં ૨૦ કરોડની ખનીજ ચોરી ઝડપાઈ

ઉનાના, તા.૦૮

કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ વિભાગ તથા ખાણ અને ખનીજ કચેરીની સંયુક્ત ટીમ દ્વારા ઉના તાલુકાના ઓલવાણ ગામના સર્વે નં.૧૦૦ પૈ ૧ પૈ ૨ તથા ૧૦૦ પૈ ૨ માં ૦૧.૦૦.૦૦ હેક્ટર વિસ્તારમાં બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજની જાદવભાઈ રામભાઈ વાળાના નામની ક્વોરી લીઝની તપાસ કરી માપણી કરવામાં આવી હતી. આ તપાસ અન્વયે આ લીઝ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ૪,૧૫,૩૬૦ મે.ટન જથ્થો વધુ નિકાસ કરવામાં આવેલ હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું. આ લીઝમાં થયેલ ગેરકાયદેસર નિકાસ બાબતે કુલ રૂ.૨૦,૯૩,૪૧,૪૪૦ જેટલી દંડની રકમ વસૂલવા બાબતે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ૧૮૧ "અભયમ" મહિલા હેલ્પલાઈનના ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ

**૧૬ લાખથી વધુ મહિલાઓને સલાહ, બચાવ અને માર્ગદર્શન પુરૂ પાડ્યું**

અમરેલી, તા.૦૮



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, ગુજરાત રાજ્યની ૧૮૧ "અભયમ" મહિલા હેલ્પલાઈને સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કર્યા છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે ૮ માર્ચ ૨૦૧૫ ના રોજ આ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી હતી. આ ૧૦ વર્ષના સમયગાળામાં, ગુજરાત રાજ્યમાંથી ૧૬ લાખથી વધુ કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, બચાવ અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું છે. તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર અભયમ રેસ્ક્યુ વાન સાથે કાઉન્સિલર સહિતની ટીમે જઈને ૩ લાખથી વધુ કિસ્સાઓમાં મહિલાઓને મદદ પુરી પાડી છે. અમરેલી જિલ્લામાં એક ૧૮૧ રેસ્ક્યુ વાન ટીમ કાર્યરત છે. ૧૦ વર્ષની સફળ કામગીરી દરમિયાન, અમરેલી જિલ્લામાં ૨૫૯૯૦ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, સૂચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડવામાં આવી છે. વર્ષ ૨૦૨૪ માં, અમરેલી જિલ્લામાં ૫૬૭ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસ્ક્યુ વાન સાથે કાઉન્સિલર સહિતની ટીમે જઈને મદદ પુરી પાડેલ છે.

# અમરેલીમાં એઈમ્સ હોસ્પિટલ દ્વારા વિશ્વ મહિલા દિવસની અનોખી રીતે ઉજવણી





અમરેલી, તા.૦૮

આઠમી માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. અમરેલી જિલ્લાની પ્રખ્યાત એઈમ્સ હોસ્પિટલમાં વિશ્વ મહિલા દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. દર્દીઓના સગા સંબંધીઓની હાજરીમાં હોસ્પિટલના સ્ટાફ અને ડોક્ટર દ્વારા કેક કાપીને મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એઈમ્સ હોસ્પિટલના ડોક્ટર કેયુરભાઈ કોટડીયા, કુલદીપભાઈ ભમ્મર અને સ્ટાફગણ તથા દર્દીઓ અને તેમના સગા સંબંધીઓએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

# ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતા ભાજપ સાથે મળેલા છે :રાહુલ ગાંધી

અમદાવાદ,તા.૦૮

રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે છે. તેઓ જિલ્લાથી લઈને રાજ્ય સ્તર સુધીના કાર્યકરો અને રાજ્યના તમામ નેતાઓને મળી રહ્યા છે. કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી ગુજરાત અંગે ખૂબ જ સક્રિય છે. આ પ્રવાસમાં તેઓ આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી માટે એક બેઠક પણ યોજશે. આ દરમિયાન અમદાવાદમાં તેમણે સભામાં સંબોધન કરતા નિવેદન આપ્યુ છે કે, 'કોંગ્રેસમાં નેતાઓની કમી નથી, બબ્બર શેર છે, પણ બાંધી દીધેલા છે.' રાહુલ ગાંધીએ સભા સંબોધતા કહ્યુ કે, 'કોંગ્રેસની વિચારધારા ગુજરાતની વિચારધારા છે. ગુજરાતનો દર બીજો વ્યક્તિ કોંગ્રેસ સાથે જોડાયેલો છે.' રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે ગુજરાતની કોંગ્રેસ પાર્ટી



તેને રસ્તો બતાવવામાં અસમર્થ છે, અને હું શરમથી બોલી રહ્યો નથી, હું ડરથી બોલી રહ્યો નથી, હું તમારી સમક્ષ આ વાત મૂકવા માંગુ છું. તેમણે ૫% વોટ વધારવાની માંગ કરી હતી. તો બીજી તરફ, પોતાના જ પક્ષના શકુનીઓને હાંકી કાઢવાની વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'કોંગ્રેસના કેટલાક નેતા ભાજપ સાથે મળેલા છે. જરૂર પડશે તો ૩૦થી ૪૦ લોકોને કાઢી મુકીશું.' રાહુલ ગાંધીએ કહ્યું કે, મારી અને કોંગ્રેસ પાર્ટીની શું જવાબદારી છે. ૩૦ વર્ષ થઈ ગયા, અહી અમે સરકારમાં નથી.

# અમદાવાદ એરપોર્ટ પર રૂ. ૩.૫૩ કરોડના હીરા સાથે બે લોકોની ધરપકડ

અમદાવાદ,તા.૦૮

અમદાવાદ એરપોર્ટ પર દાણચોરીના કેસ વધી રહ્યા છે. ત્યારે વધુ એક દાણચોરીની ઘટના સામે આવી છે. અમદાવાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર મોટા ઓપરેશન ચલાવતા ડીઆરઆઈએ દાણચોરીમાં બે આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી રૂ.૩.૫૩ કરોડના હીરા મળી આવ્યા હતા. જ્યારે આરોપી મુસાફરો વિયેટનામ જતા હતા, ત્યારે તપાસ કરતા દાણચોરી પકડાઈ હતી.

પોલીસે આરોપીઓની ધરપકડ કરી અને દાણચોરીનો ગુનો નોંધાવ્યો અને વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ એરપોર્ટ પર હીરા, સોના અને ડ્રગની દાણચોરીની ઘટનાઓ લાંબા સમયથી વધી છે.

















